RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 145, Dt.03-09-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાતમાં પાંચ દિવસ ફરી ભારે વરસાદની આગાહી

## આવતીકાલથી ફરી જોર પકડશે વરસાદઃ બંગાળની ખાડીમાં બે દિવસમાં વધુ એક લો–પ્રેસર સર્જાશેઃ સૌરાષ્ટ્ર કરતા ગુજરાત રિજીયનમાં વધુ વરસશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**



ગુજરાતમાં બે દિવસના વિરામ બાદ ફરી વરસાદનો નવો રાઉન્ડ શરૂ થયો છે. હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી બાદ દક્ષિણ ગુજરાતના મુશળધાર વરસાદ ખાબક્યો હતો. નવસારી જિલ્લાની પૂર્ણા અને અંબિકા નદીમાં ફરી ઘોડાપૂર આવ્યા હતા. આ દરમિયાન હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલની આગાહી અનુસાર, બીજી એક સિસ્ટમ બંગાળની ખાડીમાં સર્જાશે. તેના કારણે ગુજરાતના વિવિધ ભાગોમાં ત્રીજી સપ્ટેમ્બરથી ૧૧મી સપ્ટેમ્બર સુધીમાં વરસાદ થવાની શક્યતા રહેશે. બંગાળની ખાડીમાં એક પછી એક સિસ્ટમો બનતી જશે જે બાદમાં લો પ્રેશર, ડિપ ડિપ્રેશનમાં બનતા જશે. છઠ્ઠી સપ્ટેમ્બરથી ૧૧મી સપ્ટેમ્બર વચ્ચે લગભગ દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા રહેશે. મધ્ય ગુજરાતના ભાગોમાં ભારે વરસાદ થવાની શક્યતા છે. પંચમહાલના ભાગોમાં ભારે વરસાદ થવાની શક્યતા રહેશે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં હળવાથી ભારે વરસાદની સંભાવના છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૮૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ભરૂચના વાલિયામાં ૧૧.૬૯ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે તાપીના સોનગઢમાં ૧૦ ઈંચ, વ્યારામાં ૯ ઈંચ, માંગરોળમાં ૭.૬ ઈંચ, વઘઈમાં ૭.૬ ઈંચ, ભરૂચમાં ૭.૨ ઈંચ, તિલકવાડામાં ૭ ઈંચ, ઉચ્છલમાં ૬.૯ ઈંચ, ડોલવણમાં ૬.૭ ઈંચ, નડિયાદમાં ૬.૭ ઈંચ, વાંસદામાં ૬.૫ ઈંચ અને સુબીરમાં ૬.૫ ઈંચ વરસાદ વરસ્યો છે. ''સૌરાષ્ટ્ર–કચ્છ માટેની આગાહીમાં તેઓએ કહ્યુ કે આગાહીનાં સમયગાળામાં છુટાછવાયા ઝાપટા અને હળવો–મધ્યમ વરસાદ થઈ શકે છે. અમુક દિવસ સીમીત વિસ્તારમાં ભારે કે વધુ ભારે વરસાદની સંભાવના છે.ગુજરાત રીજીયનને અડીને આવેલા સૌરાષ્ટ્ર–કચ્છના વિસ્તારોમાં અન્ય ભાગો કરતા વધુ વ્યાપક વરસાદની શકયતા છે. રાજયભરમાં તા.૪–૫ સપ્ટેમ્બર અર્થાત બુધ–ગુરૂવારે પવનનું જોર વધુ રહેવાની શકયતા છે.''

## સસ્તા અનાજનું વેચાણ કરતા દુકાનદારો હવે ગમે ત્યારે રજા રાખી શકશે નહીં


**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**



ગુજરાતમાં ૭૨ લાખ NFSA કાર્ડ ધારકો છે, જેઓ રાજ્ય સરકારનાં સસ્તા અનાજનો લાભ મેળવે છે. જોકે, ઘણીવાર સસ્તા અનાજની દુકાનોમાંથી અનાજ ચોરી અને ગેરરીતિ જેવી ઘટનાઓ સામે આવે છે, જેને અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારના આ નિર્ણયમાં હવે ફક્ત લાયસન્સ ધરાવતા દુકાનદારો જ સસ્તા અનાજની દુકાન ચલાવી શકશે.

## ચોમાસુ લંબાય તો ખરીફ પાકને નુકશાન થવાની ભીતીઃખાદ્ય ફૂગાવો પણ વધશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**



ગુજરાત સહીત દેશભરમાં નૈઋત્યનાં ચોમાસાનો જે માહોલ છે તેનાથી આ વર્ષે ૧૬ આની થશે તેવી આશા વચ્ચે હવે સામાન્યથી વધુ વરસાદ અને ચોમાસું જે સપ્ટેમ્બરનાં મધ્ય બાદ પાછુ ખેંચાવાનો પ્રારંભ થાય છે તે વધુ લાંબુ ચાલે તો ફરી એક વખત ખાદ્ય ફુગાવાનું જોખમ વધશે અને ખાસ કરીને મહત્વના ખરીફ પાક કઠોળ, સોયાબીન, મકાઈ, કપાસ ઉપરાંત ફળો અને શાકભાજીનાં પાક પર અવળી અસર થઈ શકે છે. હાલના ભારે અને અતિભારે વરસાદના કારણે જે રીતે પુરની સ્થિતિ બનવા લાગી છે તેનાથી ખેતરોમાં પાણી ભરાવા સહીતની સમસ્યાથી ખરીફ પાકને નુકશાન થઈ શકે છે અથવા થવા લાગ્યુ છે ગુજરાત અને મધ્યભારત જેવા આંધ્રપ્રદેશથી મહારાષ્ટ્ર તેલંગાણા વિ.રાજયોનો સમાવેશ થાય છે તેના કારણે ખરીફ પાકોને મોટુ નુકશાન થવાનો ભય છે. આ ઉપરાંત ચોમાસુ લાંબુ ચાલે તો વાતાવરણમાં વધુ પડતો ભેજ એ પાકને તૈયાર થવામાં અને લલણી સમયે પણ નુકશાન કરી શકે છે. ખરીફ પાકોમાં કપાસ, સોયાબીન, કઠોળ અને શાકભાજી વિ.નું હજારો હેકટરમાં વાવેતર થયુ છે.

તેથી આ પાકોની ગુણવતા અને ઉતારા બન્નેને અસર થઈ શકે છે કૃષિ વૈજ્ઞાનિક અને ખેડુતોની આવક ડબલ કરવાનાં સરકારની કમીટીના પૂર્વ ચેરમેન અશોક દલવાઈ કમોદ–મીલેટ અને અન્ય અનાજની ગુણવતાને પણ અસર થશે.ખાસ કરીને તૈયાર થયેલા પાકમાં ફંગસની ચિંતા વધશે.

## બળાત્કારના આરોપીને મૃત્યુદંડઃ પ.બંગાળ વિધાનસભામાં અપરાજીતા ખરડો રજુ

### પોકસો સહિતના કાનુનમાં સુધારાઃ અદાલતી કાર્યવાહીની પ્રસિદ્ધિમાં પણ મંજુરી જરૂરી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કોલકતાની આરજીકર હોસ્પીટલમાં મહિલા તબીબ સાથે દુષ્કર્મ અને હત્યાની ઘટના બાદ એક તરફ હજુ પણ રાજયમાં જુનીયર તબીબોનાં ધરણા–આંદોલન ચાલુ રહ્યા છે.

તો બીજી તરફ આજે પ.બંગાળ વિધાનસભામાં દુષ્કર્મનાં આરોપીઓને મૃત્યુદંડ સહીતની આકરી જોગવાઈ કરતો ભારતીય ન્યાય સંહીતા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા સહીતના કાનુન છે સુધારા માટે પ્રસ્તાવ અપરાજીતા ખરડો (સુધારા વિધયક) આજે રજુ કર્યા છે. આ પ્રસ્તાપિત ખરડાના પોકસોમાં પણ સુધારાની જોગવાઈ છે.

આ પ્રસ્તાવિત ખરડામાં ગેંગરેપ અને પિડીતાની હત્યામાં આરોપી કે આરોપીઓને મૃત્યુદંડની સજાની જોગવાઈ છે જયારે રેપમાં આજીવન કારાવાસ (કુદરતી મૃત્યુ સુધીની) જોગવાઈ છે.

આ ઉપરાંત પિડીતાની ઓળખ થાય તેવી કોઈપણ માહીતી ફોટો કે અન્ય રીતે પ્રસિધ્ધિ બદલ હાલ જે બે વર્ષની સજાની જોગવાઈ છે તે વધારીને ત્રણથી પાંચ વર્ષની સજાનો પ્રસ્તાવ છે. આ ઉપરાંત આ પ્રકારના કેસમાં અદાલતી કાર્યવાહીની કોઈપણ માહીતી મંજુરી વગર પ્રસિધ્ધિ બદલ હાલની બે વર્ષની સજાની જોગવાઈ વધારીને ત્રણથી પાંચ વર્ષની કરવાનો પ્રસ્તાવ છે.

વિધાનસભામાં આ ખરડાને મુખ્ય વિપક્ષ ભાજપનુ પણ સમર્થન છે.તેથી પસાર થવાનો કોઈ પ્રશ્ન સર્જાશે નહિં પરંતુ સાચી કસોટી છે રાજયપાલ અને રાષ્ટ્રપતિની મંજુરીમાં છે અને જે રીતે પ.બંગાળમાં મુખ્યમંત્રી મમતા બેનરજી અને તેમની સરકાર તથા રાજયપાલ સીવી આનંદ બોસ વચ્ચે સતત ટકકર થઈ રહી છે તેથી ખરડાને મંજુરી મુદે તેમાં ટકકર સર્જાઈ શકે છે.




મુખ્યમંત્રી મમતા બેનરજીએ જોકે ચીમકી આપી છે કે જો રાજયપાલ ખરડાને મંજુરી નહિં આપે તો તેઓ રાજભવન સામે ઉપવાસ પર બેસી જશે. ગઈકાલે વિધાનસભામાં મેડીકલ કોલેજ દુષ્કર્મ કેસમાં પિડીતાને તેની ઓળખ જાહેર ના થાય તે રીતે શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

## રાજકોટમાં ફરી મેઘો મંડાયોઃચાર દિવસના વિરામ બાદ વહેલી સવારથી વરસાદનો પ્રારંભ

**મુખ્ય સમાચાર,રાજકોટ**


(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ શહેરમાં ચાર દિવસના વિરામ બાદ આજે ફરી વરસાદી માહોલ છવાયો છે. વહેલી સવારનાં વરસાદી માહોલ છવાતા વાતાવરણમાં ઠંડક ફરી વળી છે. તેમજ સવારે ૯ વાગ્યાથી વરસાદ પડતા રસ્તાઓ ઉપર પાણી ફરી વળ્યાં છે. વોર્ડ નંબર ૧૩માં તોતિંગ વૃક્ષ તૂટી પડતા રિક્ષામાં નુકસાન થયું છે. મનપા દ્વારા વૃક્ષ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ફરી એક વખત મેઘરાજાએ રાજકોટમાં મુકામ કરતા શહેરીજનોની ચિંતામાં વધારો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૫ દિવસ વરસાદી માહોલ રહેવાની શક્યતા છે.

પ્રાપ્ત વિગત મુજબ, આજે વહેલી સવારથી શહેરમાં વરસાદી માહોલ છવાયો હતો. સવારે નાના–મોટા ઝાપટા વરસ્યા બાદ ૯ વાગ્યાથી ધીમીધારે વરસાદ શરૂ થતાં જ વાતાવરણમાં ઠંડક ફરી વળી છે. તો ૪ દિવસના વિરામને કારણે કોરા થયેલા રસ્તાઓ પર વરસાદી પાણી ફરી વળતા રસ્તાઓ પર પાણીની નદીઓ વહેતી જોવા મળી રહી છે. આ ઉપરાંત દિવસે અંધારું થવાને કારણે વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના વોર્ડ નંબર ૧૩માં તોતિંગ વૃક્ષ તૂટી પડ્યું હતું. ઝાડ તૂટી પડતા નીચે આવેલી રિક્ષાને થયું મોટું નુકસાન થયું છે. ઝાડ હટાવવા માટે મનપાની ટીમ કામે લાગી છે.ઉલ્લેખનીય છે કે, જન્માષ્ટમીનાં તહેવારોમાં રાજકોટમાં ચાર દિવસમાં ૩૦ ઈંચ જેટલો ધોધમાર વરસાદ ખાબક્યો હતો. જેને કારણે શહેરના અનેક રોડ–રસ્તાની હાલત ખરાબ થઈ હતી.

## હવે શરદી - ઉધરસ સામાન્ય નથી રહ્યાઃ ઋતુજન્ય તાવથી પીડાતા દર્દીઓમાં H3N2 સંક્રમણ જોવા મળ્યું

**આવા તાવથી પીડાતા દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવા પડે છે**

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**



સતત અને ઝડપથી બદલી રહેલા હવામાનમાં મોટી સંખ્યામાં લોકો શરદી–ઉધરસની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. જો કે નવો ઈન્ફલુએન્ઝા ફેલાવાના કારણ આ સર્દી–ઉધરસ અને તાવના લક્ષણ સામાન્ય નથી, ઋતુજન્ય વાયરલ તાવથી પીડિત દર્દીઓમાં એચ૩એન૨ નું મળી રહ્યું છે. તબિયત વધુ બગડવા પર દર્દીઓને હોસ્પિટલોમાં દાખલ થવુ પડી રહ્યું છે.

દેશના મોટાભાગના ભાગોમાં એચ૩એન૨ વાયરસ ફેલાયો

ચોમાસા દરમ્યાન સરકારના ઈન્ફલુએન્ઝા ટ્રેકરે ફરી એકવાર એચ૩એન૨ સંક્રમણનું એલર્ટ આપ્યુ છે. આ ઋતુજન્ય ઈન્ફલુએન્ઝા એચ૧એન૧નો પેટા પ્રકાર છે, જે હાલમાં દેશના મોટાભાગમાં ફેલાયો છે. જેના કારણે ચોમાસામાં હંમેશા થતી શરદી–ઉધરસ હવે સામાન્ય નથી રહી.

સંક્રમિત દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની નોબત આવી રહી છે.સાથે સાથે પરિવારના સભ્યોને પણ ઝડપથી આ વાયરસ ઝપટમાં લઈ રહ્યો છે. ભારતીય આયુર્વિજ્ઞાન અનુસંધાન પરિષદ (આઈસીએમઆર) અનુસાર ચાર સપ્તાહથી દેશના મોટાભાગમાં એ૩એચ૨ વાયરસ ઝડપથી વધી રહ્યો છે.

ગત સપ્તાહે લગભગ ૪૨ ટકા નમુનામાં તેની પુષ્ટિ થઈ હતી. આઈસીએમઆરનું માનવુ છે કે, ગંભીર તીવ્ર સંક્રમણની સાથે હોસ્પિટલમાં દાખલ થનારા બધા દર્દીઓમાંથી લગભગ ૫૦ ટકામાં એચ૩એનર મળી આવ્યો છે.

## ભરૂચના વાલિયામાં આભ ફાટતાં જળબંબાકાર, ૧૨ ઈંચ વરસાદ

**મુખ્ય સમાચાર,ભરૂચ**

ભરૂચના વાલિયામાં ધોધમાર ૧૨ ઈંચ વરસાદ ખાબકતાં આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઇ હતી. જેના લીધે વાલિયાના રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. જેના કારણે વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. દોલતપુર ગામને જોડતા કોઝ–વે પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત સોડગામના રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હોવાથી વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. ભારે વરસાદના પગલે વાલિયાના નીચાણવાળા વિસ્તારના ગામોને એલર્ટ કરી દેવામાં આવ્યા હતા, જે ભરૂચ તાલુકાની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. ઉપરવાસમાં ભારે વરસાદના પગલે નદીમાં નવા નીરની આવક થતાં વાલિયાના દેસાડ અને સોડગામ પણ બેટમાં ફેરવાયા હતા. વનખાડી અને કીમ નદીના પાણી ફરી વળ્યા હતા.

તો બીજી તરફ ભરૂચ જિલ્લામાં ધોધમાર વરસાદના પગલે બે કલાકમાં જ પાંચ ઈંચ જ્યારે ગત ૨૪ કલાકમાં ૭.૬ ઈંચ વરસાદ વરસતા શહેરના અનેક વિસ્તારોમાં જળબંબાકારની પરિસ્થિતિનું નિર્માણ થતાં અનેક જાહેર માર્ગો પર વાહનો તણાયા હતા, અનેક નાળાઓમાં પાણી ભરાઈ જતા વાહન વ્યવહાર માટે બંધ કરાતા અનેક માગી ઉપર સતત વાહનોની લાંબી કતારો જામતા ટ્રાફિકજામમાં લોકો અટવાયા હતા.





ભરૂચ શહેરમાં બપોરના ૩ વાગ્યા બાદ આકાશમાં વાદરોની ફોજ ઉતરી આવતા ધોધમાર વરસાદ શરૂ થયો હતો. સતત બે કલાક વરસાદ વરસતા સમગ્ર ભરૂચ શહેર પાણી પાણી થયું હતું. માત્ર બે જ કલાકમાં પાંચ ઈંચ વરસાદ વરસી જતા શહેરના અનેક વિસ્તાર જેવા કે જાહેર માર્ગો ઉપરના સેવાશ્રમ રોડ, પાંચ બત્તી, દાંડિયા બજાર, કશક સર્કલ, ગાંધી બજાર, ફાટા તળાવ, અનેક વિસ્તારોમાં વરસાદી પાણી કેડ સમા અને છાતી સમા ભરાયા હતા. ભરૂચની ઈન્દિરા નગર ઝુપડપટ્ટી તેમજ અનેક સોસાયટીઓમાં પણ વરસાદી પાણી ભરાઈ જતા વાહન ચાલકોથી માંડી લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા.

ઘણી દુકાનોમાં પણ વરસાદી પાણી ભરાઈ ગયા હોવાના કારણે વેપારીઓને પણ ભારે હાલાકી ભોગવવાનો વારો આવી ગયો છે. સમગ્ર જનજીવન અસ્ત વ્યસ્ત થતાં ભરૂચના મુખ્ય હાથ સમા વિસ્તારમાં શક્તિનાથ નજીકનું રેલવે તથા કલેકટર નજીકથી સિવિલ હોસ્પિટલ તરફ જવાના માર્ગ ઉપરનું રેલવેનું નાડું વરસાદી પાણી ભરાઈ જતા વાહન વ્યવહાર માટે બંધ કરવાની નોબત આવતા સતત વાહનોની લાંબી કટારો માર્ગો ઉપર જામી ગઈ હતી.

## મહારાષ્ટ્રમાં ૪ વર્ષમાં મહિલા પર થયેલ અત્યાચાર અને અપરાધોમાં અધધ.. ૪૦ ટકાનો વધારો!!

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

મહારાષ્ટ્રમાં છેલ્લા પાંચ વર્ષમાં બે સરકારો જોવા મળી છે. ઉદ્ધવ ઠાકરેની સરકાર પ્રથમ બે વર્ષ એટલે કે નવેમ્બર ૨૦૧૯થી જૂન ૨૦૨૨ સુધી સત્તામાં હતી. એકનાથ શિંદેના નેતૃત્વમાં સરકાર બદલાઈ છે, પરંતુ બંને સરકારના કાર્યકાળમાં મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં કોઈ ઘટાડો થયો નથી.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB) ના રિપોર્ટ અનુસાર, ૨૦૨૦ માં, રાજ્યમાં મહિલાઓ વિરુદ્ધ દરરોજ ૮૮ ગુનાહિત ઘટનાઓ નોંધવામાં આવી હતી, જ્યારે ૨૦૨૩ માં આ આંકડો વધીને દરરોજ ૧૨૬ થયો હતો. જ્યારે ૨૦૨૦માં રાજ્યમાં મહિલાઓ વિરુદ્ધ અપરાધના ૩૧,૭૦૧ કેસ નોંધાયા હતા, જે ૨૦૨૩માં વધીને ૪૫,૪૩૪ થઈ જશે. ૨૦૨૦ના લોકડાઉન દરમિયાન મહારાષ્ટ્રમાં મહિલાઓ સામે હિંસાની ૩૧,૭૦૧ ઘટનાઓ બની હતી.

દરરોજ સરેરાશ ૮૮ મહિલાઓ હિંસાનો ભોગ બને છે. આ ૨૦૨૧ માં. આંકડો વધીને ૩૯,૨૬૬ પર પહોંચ્યો છે, જેમાં દરરોજ મહિલાઓ પર અત્યાચારના ૧૦૯ કેસ નોંધાયા છે. જાન્યુઆરીથી જૂન ૨૦૨૨ દરમિયાન મહા વિકાસ આઘાડી સરકાર દરમિયાન મહિલાઓ સામે હિંસાની સરેરાશ ૧૨૬ ઘટનાઓ દરરોજ નોંધવામાં આવી હતી.

જુલાઈથી ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન મહાયુતિ સરકારના કાર્યકાળ દરમિયાન આ સંખ્યા થોડી ઘટીને ૧૧૬ થઈ ગઈ. જો કે, ૨૦૨૩માં મહિલાઓ વિરુદ્ધ અપરાધનો આ સરેરાશ આંકડો વધીને ૧૨૬ પ્રતિદિન થશે. આ વર્ષે મહિલાઓ સામેના ગુનાના કુલ ૪૫,૪૩૪ કેસ નોંધાયા છે.

NCRBના ડેટા અનુસાર, લોકડાઉન દરમિયાન મહિલાઓ સામેની હિંસામાં કોઈ ઘટાડો થયો નથી. ઉદ્ધવની સરકાર દરમિયાન ૨૦૨૧માં લોકડાઉન હતું. તે સમયગાળા દરમિયાન પણ દરરોજ સરેરાશ ૧૦૯ મહિલાઓ વિવિધ ગુનાહિત ઘટનાઓનો ભોગ બની હતી.

# જામનગરના લોકમેળામાં લુખ્ખાઓનો ત્રાસ સરાજાહેર મારામારી





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના લોકમેળામાં લુખ્ખાઓનો ત્રાસ સરાજાહેર મારામારી.મેળામાં તેનાત પોલીસ સ્ટાફ, સિક્યોરિટીની હાજરી-ફ્રામગીરી સામે ઉઠ્યા સવાલજામનગરના પ્રદર્શન ગ્રાઉન્ડમાં મહાનગરપાલિકા તંત્ર દ્વારા અંતે લોકમેળાને લંબાવવાની જાહેરાત કરવામાં આવી છે.ભારે વરસાદના કારણે જન્માષ્ટમીના મોટા મેળા ધોવાઈ ગયા પછી આ મેળો ચાલુ રાખવો કે રદ્દ કરવો તે અંગે વિવાદ સર્જાયો હતો. મેળાના સ્ટોલધારકોમાં પણ મતમતાંતર થયા હતા. અંતે મનપાના ભાજપના સત્તાવાળાઓ સાથે બેઠકમાં એવો નિર્ણય લેવાયો કે જે લોકોને રિફન્ડના નાણા જોઈતા હોય તેઓ સ્ટોલ / ધંધા બંધ કરી દે અને બાકીના સ્ટોલધારકો / રાઈડવાળા માટે ૧૧મી સપ્ટેમ્બર સુધી મેળો ચાલુ રાખવાની છૂટ મળશે.આમ મેળો ચાલુ થયો અને શનિ-રવિની રજા અને ભારે વરસાદની પીડામાંથી મુક્ત થયેલા લોકો મોટી સંખ્યામાં મેળાની મોજ માણવા પ્રદર્શન મેદાનમાં ઉમટી પડ્યા હતાં. પણ... મેળામાં આ બે દિવસ દરમિયાન લુખ્ખાઓના ત્રાસના કિસ્સાઓ વીડિયો સાથે પ્રકાશમાં આવ્યા છે.જે બનાવો બન્યા તેમાં મેળાની વચ્ચોવચ્ચ લાકડી-ધોકા વડે મારામારી થઈ, એકાદ બનાવમાં રાઈડ્સમાં બેસવાના પૈસા નહીં ચૂકવવાના મામલે ધોલાઈ થઈ. આ બધું લોકોની જન્મેદની વચ્ચે સરાજાહેર થયું છે.ત્યારે મેળામાં ટેન્ટ નાંખીને કોઈપણ અઘટિત બનાવ ન બને તે માટે બંદોબસ્ત માટે મૂકાયેલો પોલીસ સ્ટાફ શું કરતો હતો? મેળામાં મનપા તંત્રએ નાણા ખર્ચીને જે સિક્યોરીટી બંદોબસ્ત ગોઠવ્યો છે તે સિક્યોરીટી સ્ટાફ ક્યાં હતો?આથી બબાલોના કારણે બાળકો, મહિલાઓ અને પરિવાર સાથે મેળામાં ગયેલા લોકોમાં ભારે ભય ફેલાયો હતો. થોડા સમય માટે નાસભાગ અને અફડાતફડી મચી ગઈ હતી.પ્રદર્શન ગ્રાઉન્ડમાં હજી ૧૧ તારીખ સુધી મેળા ચાલુ રહેવાના છે, ત્યારે મેળામાં ચૂસ્ત અને કડક બંદોબસ્ત સાથેની તમામ જાહેર કરેલી વ્યવસ્થા જળવાઈ રહે તે જરૂરી છે.

# સૈનિક સ્કૂલ ખાતે બાલાચડિયનોએ સમર્પિત શિક્ષકને સન્માન સાથે આપી વિદાય





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર આર કે સુવાગિયા, સિનિયર માસ્ટર, જેમણે સૈનિક સ્કૂલ બાલાચડીમાં તેમની કારકિર્દીના છેલ્લા ૩૬ વર્ષ ગાળ્યા છે, તેમણે ૫૦૦ થી વધુ કેડેટ્સને ભાવપૂર્વક વિદાય આપી હતી. ઘણા વર્ષોથી સૈનિક સ્કૂલ બાલાચડીના કેડેટ્સને ભણાવનાર અને ૨૫ વર્ષથી વધુ સમયથી એસોસિયેટ એનસીસી ઓફિસર તરીકે ફરજ બજાવનાર ભૌતિકશાસ્ત્રના એક પ્રતિબદ્ધ શિક્ષક તેમની નિવૃત્તિ પર શાળામાંથી વિદાય થયા. તે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી પણ છે જે ૧૯૭૫ માં જોડાયા હતા. તેમના સન્માનમાં શાળાના ઓડિટોરિયમમાં એક વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જ્યાં કેડેટ પલ કાથરોટીયા અને કેડેટ શિવમ ગવારે તેમના પ્રિય આઉટગોઈંગ શિક્ષકના જીવન વિશે વાત કરી હતી. રાઘેશ પીઆર, ટીજીટી સોશિયલ સાયન્સ ના શિક્ષકે પણ તેમને વિદાય પ્રસંગે વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે આર. કે. સુવાગિયાના જીવન પરનો વિડિયો પણ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. સભાને સંબોધતા કર્નલ શ્રેયશ મહેતા, આચાર્ય, સૈનિક શાળા બાલાચડીએ શાળાને અસરકારક રીતે ચલાવવા માટે શિક્ષક તરીકે અને વરિષ્ઠ શિક્ષક તરીકે આર.કે. સુવાગિયાની ભૂમિકા વિશે વાત કરી. જેમાં નિઃસ્વાર્થ સેવા અને શાળા પ્રત્યેની તેમની લાગણી માટે પ્રશંસા કરી. પ્રિન્સિપાલે કેડેટ્સને તેમની સાથે અને શાળા સાથે સંપર્કમાં રહેવાની સલાહ આપી. બાલાચડી બિરાદરો વતી આચાર્યએ તેમને અને તેમના પરિવારને બીજી ઈનિંગ ખૂબ જ સુખી અને સમૃદ્ધિની શુભેચ્છા પાઠવી હતી.આ પ્રસંગે પ્રિન્સિપાલે તેમને શાળા સ્મૃતિચિહ્ન અને કેડેટ મેઘરાજ ગોહિલ દ્વારા બનાવેલ પોર્ટ્રેટ અર્પણ કર્યું હતું. આઉટગોઈંગ સિનિયર માસ્ટર આર કે સુવાગિયાએ પણ એકેડેમિક એક્સેલન્સ પ્રાઈઝ તરીકે શાળાને રૂપિયા પચીસ હજારનો ચેક અર્પણ કર્યો હતો. તેમની નિવૃત્તિ પર આર.કે. સુવાગિયાએ કેડેટ તરીકે અને શાળામાં શિક્ષક તરીકે તેમના જીવનના ચાર દાયકાના વિવિધ પ્રસંગો શેર કર્યા. તેમણે સહકાર્યકરો તરફથી મળેલા વ્યાવસાયિક સમર્થનની પ્રશંસા કરી અને તેમના માયાળુ શબ્દો માટે આચાર્યનો આભાર વ્યક્ત કર્યો. તેમણે સ્વસ્થ શરીરનું મહત્વ સમજાવ્યું અને કહ્યું કે પસ્વાસ્થ્ય એ સંપત્તિ છે. તેમના વિદ્યાર્થી જીવનમાં ત્રણ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી - પખૂબ ખાઓથ, પખૂબ ખેલોથ, પખૂબ ભણોથ.કાર્યક્રમ રાષ્ટ્રગાન ના ઉત્સાહપૂર્ણ પ્રસ્તુતિ સાથે અને કેડેટ્સ દ્વારા તેમના પ્રિય વરિષ્ઠ માસ્ટરના સન્માન સાથે સમાપ્ત થયો.

# જામનગરના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ વિવિધ ગામોમાં મુલાકાત લીધી





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લામાં ભારે વરસાદ બાદ જનજીવન થાળે પાડવા માટે તમામ વિભાગો દ્વારા સુચારુ ઢબે કામગીરી કરવામાં આવી રહી છે. જામનગર જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા ૨૪*૭ અસરગ્રસ્ત વિસ્તારોમાં જઈને સતત મુલાકાત અને કામગીરી હાથ ધરવામાં આવી છે.મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભાયા, ડી.પી.સી. યજ્ઞેશ ખારેચા, જિલ્લા એમ.પી.એચ.એસ. વી.પી.જાડેજા તથા ડી.આઈ.ઈ.સી.ઓ નીરજ મોદીની ટીમ દ્વારા જિલ્લાના મોટી ખાવડી, પડાણા, મેઘપર, કાનાલુસ વિસ્તારોમાં અસરગ્રસ્ત ગામોમાં આરોગ્ય સર્વે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત, પ્રાઈવેટ ડોકટરો સાથે મુલાકાત અને પેટા આરોગ્ય કેન્દ્રના બાંધકામ વગેરે આવશ્યક કામગીરીની ચકાસણી કરવામાં આવી હતી. તેમજ તાલુકા કક્ષાના આરોગ્ય કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તેમ આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, જામનગર દ્વારા જણાવાયું છે.

# મોરબીમાં બીમારી સબબ પ્રૌઢનું મૃત્યુ થતા વાલી-વારસની શોધખોળ



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં સિવિલ હોસ્પિટલ ખાતે બીમારી સબબ દાખલ થયેલ ૫૦ વર્ષીય પ્રૌઢ વનીભાઈ વેલજીભાઈ રહે.લાતી પ્લોટ મોરબીવાળાનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજતા હાલ સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા મૃત્યુ અંગે અ. મોતની નોંધ કરી મૃતકના વાલી-વારસની શોધખોળ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ મૃતક વનીભાઈ વેલજીભાઈ ઉવ.૫૦ રહે.લાતીપ્લોટ મોરબીવાળા ગત તા.૧૫ ઓગસ્ટના રોજ બીમારી સબબ સારવાર માટે મોરબી સરકારી હોસ્પીટલ ખાતે દાખલ થયેલ હોય જેનુ સારવાર દરમીયાન તા.૦૧ સપ્ટે.ના રોજ મૃત્યુ થયાનું ડોકટર દ્વારા જાહેર કરેલ હોય. મૃતક વનીભાઈ શરીરે પાતળો બાંધો, વાને ઘંઉવર્ણા, માથાના ભાગે તથા દાઢીના ભાગે કાળા-સફેદ વાળ તેમજ જમણા હાથે કલાઈ ઉપર વજીભાઈ વેલ તથા કૃષ્ણ ભગવાનનુ ચિત્ર ત્રોફાવેલ છે. શરીરે જાંબલી કલરનો શર્ટ તથા કાળા કલરનુ પેન્ટ પહેરેલ છે. ત્યારે મૃતકના વાલી-વારસ મળી આવેલ ન હોય જેથી સીટી એ ડિવિઝન પોલીસે એક પ્રેસ યાદી જાહેર કરી મૃતકના વાલી-વારસની શોધખોળની તજવીજ હાથ ધરી છે. ત્યારે મૃતક અંગે કોઈ પરિચિત હોય કે વાલી-વારસ અંગે જાણ થાય તો સીટી એ ડિવિઝન પોલીસ મથકના પો.હેડ કોન્સે. એ.એમ.ઝાપડીયાના મોબાઈલ ન.૯૭૧૪૦ ૬૪૪૧૯ અથવા સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન ટેલી.નં.૦૨૮૨૨-૨૩૦૧૮૮ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# હળવદના મયુરનગર ગામે જુગાર રમતા ૪ પકડાયાઃ ૨ ફરાર

હળવદ પોલીસ મથકના સ્ટાફને સયુંકતમાં મળેલ બાતમીને આધારે હળવદ તાલુકાના મયુરનગર ગામની સીમમાં ધૂળકોટ જવાના રસ્તે રેઈડ કરતા ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા રમેશભાઇ બાબુભાઇ ભોજયા ઉવ.૫૬ રહે. જુના ઘાટીલા ગામ તા.હળવદ, શૈલેષભાઇ મહાદેવભાઇ માલસણા ઉવ.૪૫ રહે.ફુલછાબ સોસાયટી, વીસીપરા મોરબી, મનોજભાઇ પોપટભાઇ લુહાર ઉવ.૫૫ રહે.ટીકર રોડ રાધે સોસાયટી હળવંદ, નિલેષભાઇ સવજીભાઇ અગેચાણીયા ઉવ.૪૦ રહે.અમરેલી ગામ તા.જી. મોરબીને રોકડા રૂ.૨૪,૨૦૦/ – સાથે ઝડપી લેવાયા હતા. પોલીસની રેઈડ દરમિયાન બે ઈસમો નાસી ગયા હતા જેમાં બટુકભાઇ મગનભાઇ કોળી તથા પ્રકાશભાઇ પોલાભાઇ કોળી રહે. બંને રાયસંગપુર ગામ તા.હળવદ હતા, જેથી બંને આરોપીઓને વોન્ટેડ દર્શાવી કુલ ૬ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ટંકારામાં લજાઈ ચોકડી નજીક રીક્ષાની ઠોકરે રોડ ઓળંગી રહેલ પ્રૌઢનું સારવારમાં મૃત્યુ નીપજ્યું

મોરબી સબજેલ સામે રહેતા રોહિતભાઈ ઝાલા ગત તા.૦૭/૦૮ ના રોજ રાત્રીના કોઈ કામ સબબ ટંકારાના લજાઈ ગામ ગયા હતા જ્યાંથી ૦૮/૦૮ ના રોજ વહેલી સવારે લજાઈ ચોકડી નજીક ભારત હોટલ સામેથી રોડ ઓળંગી રહ્યા હોય તે સમયે રીક્ષા રજી.નં. જીજે-૩૬-ડબલ્યુ-૦૩૩૦ના ચાલક દ્વારા પોતાની રીક્ષા પુરપાટ અને ગફલતભરી રીતે ચલાવીને આવી રોહિતભાઈને હડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. ત્યારે આ અકસ્માતમાં રોહિતભાઈને માથામાં અને શરીરે ગંભીર ઈજા પહોંચતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત રોહિતભાઈને મીરબી સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જ્યાંથી વધુ સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા જ્યાં તેમનું એક દિવસની ટૂંકી સારવારમાં તા. ૦૯/૦૮ના રોજ મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે મૃતક રોહિતભાઈના પુત્ર સતિષભાઈ રોહિતભાઈ ઝાલાએ આરોપી લીલા કલરની રીક્ષાના ચાલક વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હાલ આરોપી સામે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મચ્છુ નદીમાં ન્હાવા પડેલ આધેડ પાણીમાં તણાઈ જતા મૃત્યુ નીપજ્યું

વાંકાનેર તાલુકાના જાલસીકા ગામ નજીક પસાર મચ્છુ નદીમાં ગત તા. ૦૧/૦૯ ના રોજ ન્હાવા પડેલ જાલસીકા ગામના ભાવેશભાઈ રાવતભાઈ ડાંગર ઉમર આશરે ૪૨ વર્ષ વાળા નદીના ધસમસતા પાણીના પ્રવાહમાં તણાઈ ગયા હતા. ત્યારે મોરબી,વાંકાનેર, હળવદ તેમજ રાજકોટની રેસ્ક્યુ ટીમની ભારે જહેમત બાદ ગઈકાલ તા. ૦૨/૦૯ના રોજ નદીના પાણીમાંથી ભાવેશભાઈનો મૃતદેહ મળી આવતા તેને વાંકાનેર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હાલ વાંકાનેર તાલુકા પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીમાં ઘરેથી શાક લેવા જવાનું કહી લાપતા થયેલ યુવતી હેમખેમ પરત મળી આવી

મોરબીમાં આશરે દોઢ વર્ષ પહેલા ગ્રીન ચોક વિસ્તારમાં રહેતી ૨૩ વર્ષીય યુવતી ઘરેથી શાક લેવા જવાનું કહી ગુમ થઈ ગયેલ હોય જે યુવતીને મોરબી સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા શોધી સહી સલામત પરત લાવવામાં આવી પરિવારને સોંપી હતી. લાપતા યુવતી હેમખેમ પરત આવી જતા એ ડિવિઝન પોલીસે અને પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો. પ્રાપ્ત માહિતી મુજબ મોરબીના ગ્રીન ચોક વિસ્તારમાં રહેતી યુવતી ગત તા.૨૨ એપ્રિલ ૨૦૨૩ ના રોજ સવારના ૯ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી શાક લેવા જવાનું કહી નીકળી ગયા બાદ રહસ્યમય સંજોગોમાં લાપતા થતા પરિવાર દ્વારા યુવતીની શોધખોળ શરૂ કરી હતી ત્યારે યુવતીના કોઈ સગડ ન મળતા તેમના ભાઈ દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુમસુધા નોંધ કરી ગુમ થયાની અલગ અલગ દિશામાં યુવતીની ભાળ મેળવવા શોધખોળ શરૂ કરી હતી. ત્યારે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હોય ત્યારે ગઈકાલ તા. ૦૨ સપ્ટે. ૨૦૨૪ના રોજ એ ડિવિઝન પોલીએ યુવતીને શોધવામાં સફળતા મળી હતી ત્યારે પોલીસે પરિવારને જાણ કરી યુવતીના પરિવારજનોને પોલીસ મથક ખાતે બોલાવવામાં આવ્યા હતા. ત્યારે લાપતા યુવતી પોતાની માતા સાથે જવાનું કહેતા યુવતીને તેની માતાને સોંપી આપવામાં આવી હોવાનું યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# વાંકાનેરના માટેલ રોડ ઉપર પરિણીતાએ એસિડ ગટગટાવી કર્યો આપઘાતનો પ્રયાસ

વાંકાનેર તાલુકાના માટેલ રોડ ઉપર સ્ટેલીન સ્ટેશનરી સામે આવેલ કોલોનીમાં રહેતા મૂળ બિહાર રાજ્યના વતની જયોતીબેન રૂપેશભાઇ યાદવ ઉવ.૨૨ એ ગઈકાલ તા.૦૨/૦૯ ના સાંજના સાડા છ વાગ્યાના અરસામા પોતાના ઘરે કોલોનીમા કોઇ કારણસર પોતાની જાતે પીળા રંગનુ એસીડ ગટગટાવી લેતા તેમને સારવાર અર્થે વાંકાનેર સરકારી હોસ્પિટલમાં તેમના પતિ રૂપેશભાઈ દ્વારા લાવતા જ્યાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. ત્યારે આપઘાતના પ્રયાસની પ્રાથમીક તપાસમાં પરિણીતાના દોઢ વર્ષ પૂર્વે લગ્ન થયેલ હોવાની વિગતો તેમના પતિ રૂપેશભાઈએ આપી હતી. હાલ વાંકાનેર તાલુકા પોલીસે આપઘાતના પ્રયાસ અંગે જાણવા જોગ એન્ટ્રી નોંધી આગળની તપાસ વાંકાનેર તાલુકા પોલીસ પીએસઆઇ એલ.એ.ભરગા ચલાવી રહ્યા છે.

# જામનગર શહેર-જિલ્લામાં જુગારના ૧૫ દરોડામાં ૭૬ પકડાયા



મુખ્ય સમાચાર,જામનગર

જામનગરના એક એપાર્ટમેન્ટ તેમજ ગોકુલનગર, પાણાખાણ માં જુગાર પકડવા પોલીસે દરોડા પાડ્યા હતા. તે ઉપરાંત અન્ય ૧૨ દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં ૨૬ મહિલા સહિત ૭૬ વ્યક્તિ તીનપત્તી રમતા ઝડપાઈ ગયા હતા. કોટડાબાવીસીમાંથી ચાર શખ્સ નાસી ગયા હતા. તમામ સ્થળે પોલીસે રોકડ સહિત અંદાજે રૂપિયા ૧ લાખ ૯૦ હજારનો મુદ્દામાલ કબજે કર્યા હતા.જામનગરના ગોકુલનગર વિસ્તારમાં પાણાખાણમાં જાહેરમાં ગંજી પાના વડે જુગાર રમી રહેલા મનસુખભાઈ મોહનભાઈ નંદા, કૌશિકભાઈ હરીલાલ શાહ, ગોરધનભાઈ મોહનભાઈ રાઠોડ, જગદીશભાઈ ચુનીલાલ ભટ્ટ નામના ચાર વૃદ્ધને ઉદ્યોગનગર પોલીસ ચોકીના સ્ટાફે દરોડો પાડીને ઝડપી લીધા હતા. પટમાંથી રૂ. ૧૦,૨૮૦ રોકડા કબજે કરવામાં આવ્યા છે.ધ્રોલ તાલુકાના હાડાટોડા ગામમાં જુગાર રમી રહેલા રમેશભાઈ બાબુલાલ પરમાર, વિજય ટપુભાઈ વાઘેલા, જગદીશ દેવજીભાઈ ચાવડા, વિદુરસિંહ વેલુભા જાડેજા, પ્રસાદરામ ગરીબદાસ દાણીધારીયા, રમેશભાઈ ટપુભાઈ વાઘેલા, જયેન્દ્રસિંહ સહદેવસિંહ જાડેજા નામના સાત શખ્સને પોલીસે રૂ. ૪૭૬૦૦ સાથે પકડી પાડ્યા છે.

જામનગરના ગોકુલનગર પાસે મયુરનગરની શેરી નં.૫માં પૂર્વ બાતમીના આધારે ઉદ્યોગનગર ચોકીના પીએસઆઈ આર.ડી. ગોહિલ તથા સ્ટાફે દરોડો પાડતા ત્યાં તીનપત્તી રમતા પારૂલબેન નાનજીભાઈ મકવાણા, લીલાબેન પ્રવીણભાઈ ચાવડા, ગીતાબેન ગોપાલભાઈ ચાવડા, આરતીબેન હિતેશભાઈ ઢાયાણી, મીનાબેન રમેશભાઈ બાબરીયા, પ્રભાબેન નિલેશભાઈ મકવાણા, ભાવનાબેન સુરેશભાઈ કુડેચા, ગોપાલ પ્રવીણભાઈ માણેક, હિતેશ ભીખુભાઈ ઢાયાણી, કરણ કરમશીભાઈ સાગઠીયા નામના દસ વ્યક્તિ મળી આવ્યા હતા. પોલીસે પટમાંથી રૂ. ૧૦,૫૯૦ કબજે કર્યા છે.

લાલપુર શહેરની ગાયત્રી સોસાયટીમાં રોન પોલીસ રમતા જયસુખ રામોલીયા, મનિષાબેન ધર્મેશભાઈ રામોલીયા, જયશ્રીબેન પ્રફુલભાઈ રાખડીયા, શિલ્પાબેન ભાવેશભાઈ કગથરા, હંસાબેન હર્ષદભાઈ મેઘનાથી, રેખાબેન પ્રકાશભાઈ વ્યાસ નામના છ વ્યક્તિને પોલીસે પકડી લઈ પટમાંથી રૂ. ૧૧૭૫૦ કબજે કર્યા છે.લાલપુર તાલુકાના પડાણા ગામમાં તલાવડી વિસ્તારમાં તીનપત્તી રમતા રાજેશ વાલજીભાઈ મકવાણા, જયેશ ખીમજીભાઈ પરમાર, કમલેશ દાનાભાઈ પરમાર નામના ત્રણને મેઘપર પોલીસે પકડી લઈ પટમાંથી રૂ. ૧૦,૭૩૦ કબજે કર્યા છે.જામજોધપુરમાં ઉપાશ્રય રોડ પર જુગાર રમતા મિલન પ્રાણલાલ ઠકરાર, જલ્પેશ મનસુખભાઈ કડીવાર, પ્રતીક રમેશભાઈ જોષી, પ્રકાશ ભીખાલાલ ધાણક, મનિષ રતીલાલ સોલંકી નામના પાંચ શખ્સને પોલીસે રૂ. ૧૩૨૦૦ સાથે પકડી પાડ્યા છે.

જોડિયા તાલુકાના કેશીયા ગામમાં જુગાર રમતા ભરત રવજીભાઈ નંદાસણા, અશ્વિન ખોડાભાઈ ભટાસણા, અરવિંદભાઈ મનજીભાઈ ગોધાણી, ઘેટીયા, ઓધવજીભાઈ મનજીભાઈ નામના ચાર શખ્સ રૂ. ૧૮,૮૦૦ સાથે ઝડપાઈ ગયા છે.લાલપુર તાલુકાના મીઠોઈ ગામમાં જુગાર રમતા દીપક નાથુભાઈ ડગરા, મુકેશ ખીમાભાઈ ડગરા, અનિલગર કિશોરગર ગોસાઈ તથા જીવણ આલાભાઈ જોડ નામના ચાર શખ્સ રૂ. ૧૭, ૪૭૦ સાથે ઝડપાયા છે.મીઠોઈ ગામમાં પાડવામાં આવેલા બીજા દરોડામાં મીના મારાજ ઉર્ફે મહેન્દ્રગર શંકરગર ગોસાઈ, જાડેજા દિલીપસિંહ ખુમાનસિંહ, દામજીભાઈ નાથાભાઈ ફફલ નામના ત્રણ શખ્સ રૂ. ૧૩૬૧૦ સાથે પકડાઈ ગયા છે.જામનગર નજીકના હાપાના ખારી વિસ્તારમાં આવેલા મંદિર પાસે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા ભાનુબેન ગગુભાઈ ગોહિલ, નંદુબેન બાબુભાઈ દેગામા, ગૌરીબેન રાજારામ સૂર્યવંશી નામના ત્રણ મહિલાને પોલીસે રૂપિયા ૧,૦૫૦ સાથે પકડી પાડ્યા છે.

જામનગરના તાડીયા હનુમાન અખાડા ચોકમાં જાહેરમાં ગંજી પાના વડે જુગાર રમી રહેલા સરોજબેન મોહનભાઈ પરમાર, બિંદીયાબેન મેરૂભાઈ દસલાણી, પ્રભાબેન લાખાભાઈ રાઠોડ, મંજુબેન ભગવાનજી માજુસા, સમજુબેન અરજણભાઈ ડોણાસિયા, ભાનુબેન દિલીપભાઈ ગોહિલ, કાજલબેન હિતેશભાઈ ગોહિલ, હીનાબેન ધર્મેશભાઈ ગોહિલ નામના આઠ મહિલાને પોલીસે પકડી પાડી પટમાંથી રૂ. ૨૬૮૦ કબજે લીધા છે.

લાલપુર તાલુકાના નાના ખડબા ગામમાં તીનપતી રમી રહેલા સિરાજશા જુમાશા સરવદી, અકબરશા રમઝાનશા સરવદી, અલ્ફેઝશા આમદશા સરવદી નામના ત્રણ શખ્સને પોલીસે પકડી પાડી પટમાંથી રૂ. ૧૦,૨૩૦ ઝબ્બે લીધા છે.

# જામનગર જિલ્લામાં ૧૨ ટીમો દ્વારા ૧૨૦૦ પશુઓની સારવાર કરાઈ



જામનગરમાં તાજેતરમાં ભારે વરસાદ થવાથી તેમજ અનેક જગ્યાઓ પર પાણી ભરાવાના કારણે પશુઓના આરોગ્ય ઉપર વિપરિત અસર પડી છે. પશુઓની કાળજી લેવાય તે હેતુથી જામનગર જિલ્લા પંચાયતની પશુપાલન શાખાની ૧૨ ટીમે ફિલ્ડમાં જઈને પશુઓનું રસીકરણ હાથ ધર્યુ છે. પશુપાલન શાખાના કર્મચારીઓ દ્વારા સાવ છેવાડાના વિસ્તારોમાં જઈને પાણીના પુરમાં ધસમસતા પ્રવાહની વચ્ચે બીમાર પશુઓનું સુરક્ષિત સ્થળ પર રેસક્યુ કરવામાં આવ્યું હતું. સાથે-સાથે પશુપાલકોને કૃમિનાશક દવાનું વિતરણ હાલમાં કરવામાં આવી રહ્યું છે.જિલ્લા પંચાયતની પશુપાલન શાખાના નાયબ પશુપાલન નિયામક ડો.તેજસ શુક્લની આગેવાનીમાં પશુ ડોક્ટર્સની ટીમો દ્વારા રસીકરણ, પશુ સારવાર તેમજ પશુ મૃત્યુ સર્વેક્ષણની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. તાલુકા લાયઝન અધિકારીઓની દેખરેખમાં પશુ ચિકિત્સા અધિકારીઓ, પશુ નિરીક્ષકો તેમજ અન્ય સ્ટાફ સહિતની ટીમ દ્વારા પશુઓમાં રોગચાળો ન ફેલાય તે માટે તાલુકાના ગામોમાં પશુપાલકોની રૂબરૂ મુલાકાત લઈને સારવાર, રસીકરણ તેમજ તેમને જરૂરી માર્ગદર્શન આપવાની કામગીરી કરાઈ રહી છે.પશુપાલન વિભાગ ઘનિષ્ઠ કામગીરી હાથ ધરીને જામનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૧,૨૦૦ પશુઓની સારવાર કરવામાં આવી છે. ભારે વરસાદની પરિસ્થિતિમાં જિલ્લામાં ગાય તેમજ ભેંસ વર્ગના કુલ ૩૫ પશુઓ, ૭૧૫ ઘેટાં તેમજ ૭૩૩ બકરાંનું મરણ નોંધાયેલ છે. કુલ ૧૪૮૩ પશુઓનું મરણ નોંધાયેલ છે. તેમજ અસરગ્રસ્ત ગામોમાં ૧૯૬૨ કરુણા એમ્બ્યુલન્સ દ્વારા સારવાર માટે આગામી ૫ દિવસ સુધી ઈમરજન્સી સેવાઓ પૂરી પાડવામાં આવશે. આગામી ૫ દિવસમાં અંદાજિત ૪૦,૦૦૦ પશુઓનું રસીકરણ પૂર્ણ કરવામાં આવશે.


જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી મરણ પામેલ પશુઓને પશુ ચિકિત્સા અધિકારીઓની હાજરીમાં મૃતદેહોનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં આવ્યો છે. રોગચાળો ફેલાવાની શક્યતા ના રહે તે માટે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા જભશયક્ષશિંરશભ ઈફભિફતત ઉશતાજ્ઞતફહ ની કામગીરી કરવામાં આવી છે. તેમ નાયબ પશુપાલન નિયામક ડો.તેજસ શુક્લ, જામનગર દ્વારા જણાવાયું છે.

# મોરબીના યુવાનનું શિવ કા સાથગીત યુટયુબ ચેનલ પર રિલિઝ થયું




મોરબીના યુવાન રાધે પટેલ અને ભાર્ગવ રાવલ દ્વારા આ શ્રાવણ માસના પાવન મહિનાના અંતના સોમવારે આજે નસ્ત્રશિવ કા સાથસ્ત્રસ્ત્ર સુંદર મજાનું ગીત બનાવી રિલિઝ કરવામાં આવ્યું છે. રુદ્ર ઓરિજિનલ્સ રિયો પ્રોડક્શન સાથે મળીને આ ગીતને બનાવવામાં આવ્યું છે. જેમાં મોરબીના જડેશ્વર મંદિર, તિથવા ગામે ઉમિયા માતાજીના મંદિર તથા કર્તવ્ય જીવદયા કેન્દ્ર સહિતના સ્થળોએ આ ગીતનું સુટિંગ કરવામાં આવ્યું હતું. નસ્ત્રશિવ કા સાથસ્ત્રસ્ત્ર ગીતને સ્વર ભાર્ગવ રાવલ દ્વારા આપવામાં આવ્યો છે. જ્યારે સ્ટારિંગ રાધે પટેલ, વિડિયોના ડિરેક્ટર અને ડીઓપી પાર્થ માકડીયા, વાર્તા રજૂ કરનાર રાધે પટેલ, સંપાદિત કરનાર પાર્થ લાડવા અને સપોર્ટ વુલ્ફ સ્ટુડિયો, ઓડિયો ભોલેનાથ ભક્ત મેહુલ પારેખ સહિતની ટીમે જહેમત ઉઠાવી ગીત રજૂ કર્યું છે. આ ગીત હાલ છ્યુજ્ઞ ડક્ષિમીભશિંજ્ઞક્ષ યુટ્યુબ ચેનલ પર રિલિઝ થતાં જ લોકોને ભારે પસંદ આવ્યું છે. સાથે જ મોરબીના યુવાનોએ રજૂ કરેલ આ ગીતને સ્પોટ કરવા રાધેભાઈ પટેલ અનુરોધ કર્યો છે.

# જામનગરના પુરગ્રસ્ત વિસ્તારમાં સર્વેની ચાલુ કામગીરી દરમિયાન કર્મીનું મોત




જામનગરમાં પૂરગ્રસ્ત વિસ્તારમાં સર્વેની કામગીરી દરમિયાન સીઆરસી કો-ઓર્ડિનેટર હ્રદયરોગના હુમલાથી મૃત્યુ થતાં અરેરાટી પ્રસરી છે. જામનગરમાં અતિવૃષ્ટિના કારણે અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઇ હતી. જેના કારણે રાજય સરકારની સૂચના મુજબ શહેરના જે વોર્ડમાં પૂર આવ્યા હતાં ત્યાં સર્વેન કામગીરી શરૂ કરાઈ છે. આ માટે શિક્ષકો ઉપરાંત અન્ય કચેરીના કર્મચારીને ફરજની સોંપણી કરવામાં આવી છે. શહેરના વોર્ડ નં.૧૬ માં સોમવારે ઘુતારપરમાં સીઆરસી કો-ઓર્ડીનેટર કલ્પેશ માંડવીયા (ઉ.વ.૪૨) સાંજે સર્વેની કામગીરી કરી રહ્યા હતાં.આ દરમ્યાન ચાલુ કામગીરીએ તેઓને હ્રદયરોગનો હુમલો આવ્યો હતો. આથી તેઓ ઢળી પડ્યા હતાં. બનાવના પગલે સાથી કર્મચારીઓએ તેઓને તાકીદે સારવાર અર્થે શહેરની પ્રથમ ખાનગી અને ત્યાર બાદ વધુ સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો હતાં, ત્યાં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યા હતાં. બનાવની જાણ થતાં પોલીસ પણ દોડી ગઈ હતી અને તપાસ હાથ ધરી છે સીઆરસી કો-ઓર્ડીનેટરના મૃત્યુથી શિક્ષકોમાં ભારે શોકની લાગણી ફેલાઈ છે.



# ભગવાન મહાવીર સ્વામીને સુંદર આંગીનો શણગાર



(તસ્વીરઃ આનંદ જાવિયા)

શ્રી જયશેખરસૂરિજી મ. પ્રેરિત શ્રી વિમલનાથ જિનાલયમાં બિરાજતા વિમલનાથ દાદાને કરવામાં આવેલ ભવ્ય આંગીની છે. આજીડેમ દેરાસરમાં બિરાજતા શ્રી આદિનાથદાદાની ભવ્ય આંગીની છે. એરપોર્ટ દેરાસરમાં બિરાજમાન શ્રી શાંતિનાથ પરમાત્માને કરવામાં આવેલ ભવ્ય આંગીની છે. મણિયાર દેરાસરમાં બિરાજમાન ચિંતામણિ પાર્શ્વનાથ દાદાની સેવાપૂજા કરતાં ભાવિકો મણિયાર દેરાસરના નૂતન ઉપાશ્રયમાં ભગવતો પાસેથી ભગવાનના અદભૂત રહસ્ય વિશેનું જ્ઞાન લેતા શ્રવિકો. રાજકોટ તમામ દેરાસરો તેમજ ઉપાશ્રયોમાં સાંજના સમયે ભક્તીના ગીતોનો રસથાળ પિરસાઈ રહ્યો છે.

# સરગમકલબ અને ગોંધિયા મેમોરિયલ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સરગમ કલબ તબીબીક્ષેત્રે સુંદર કામગીરી કરી રહ્યું છે અને દર વર્ષની જેમ આ વર્ષે પણ સમ્રગ સૌરાષ્ટ્રના જરૂરીયાતમંદ ગરીબ દર્દીઓ માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જન્મદિન નિમિતે સરગમ કલબ અને સ્વ સવિતાબેન છગનભાઈ પટેલ (ફિલ્ડ માર્શલ) તેમજ અશોક ગોંધિયા મેમોરિયલ ચેરીટેબલ ટ્રસ્ટ ઉપક્રમે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કમાણી ફાઉન્ડેશન, પ્રેમજી વાલજી એન્ડ સન્સ, મહાવીર સેવા ટ્રસ્ટ, બાન લેબ્સ કમ્પની, જે.વી.શેઠીયા ચેરી.ટ્રસ્ટ / ઈન્ડિયન મેડીકલ એસોસીએશન સહયોગથી સરગમ કલબ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ સર્વરોગ નિદાન કેમ્પમાં રાજકોટના ૧૦૧ જેટલા ડોકટરો વિવિધ પ્રકારના ૩૦ જેટલા રોગોનું નિદાન વિના મુલ્યે કરશે.

કેમ્પ તા. ૧૫/૦૯/૨૦૨૪ ને રવિવારના રોજ કોટક સ્કૂલ, મોટી ટાંકી પાસે, સવારે ૮:૩૦ કલાકે યોજાશે. સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું કે, આ કેમ્પમાં સૌરાષ્ટ્રભરમાંથી આવનાર તમામ સામાન્ય અને જરૂરીયાત મંદ દર્દીઓને વિનામૂલ્યે સારવાર તેમજ દવા, લેબોરેટરી ટેસ્ટીંગ, કાર્ડીઓગ્રામ, એક્સ-રે, સોનોગ્રાફી, આ બધી સવલત ઉપલબ્ધ કરાશે અને સુવિધા પણ વિનામૂલ્યે અપાશે. કેમ્પમાં જનરલ ફિઝીશ્યન, ફેમેલી ફિઝીશ્યન, પ્લાસ્ટિક સર્જન, ઓર્થોપેડિક, આયુર્વેદિક, ન્યૂરો સર્જન, હાર્ટ સ્પેશ્યાલિસ્ટ, કેન્સર નિષ્ણાંત, માનસિક રોગ નિષ્ણાંત, સ્ત્રી રોગ નિષ્ણાંત, બાળરોગ, હોમિયોપેથિક, દાંત નાં રોગ, સ્કીન સ્પેશિયાલિસ્ટ, પેટ-આંતરડાના નિષ્ણાંત ડોકટરો પોતાની સેવા આપશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ સવારે ૮:૩૦ કલાકે સીધા સ્થળ પર પહોંચી જવું. નિદાન કેમ્પ માટે અમોને સરગમ પરિવારના ચેરમેન શ્રી વજુભાઈ વાળા નું માર્ગદર્શન મળી રહેલ છે. તેમજ કેમ્પની વ્યવસ્થા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા ના માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને તેની સાથે મૌલેશભાઈ જહેમત ઉઠાવી રહ્યા છે.

# ભાયાવદર ગામમાં રસ્તા તેમજ રખડતા ઢોરના ત્રાસને લઈ આમ આદમી પાર્ટી દ્વારા નાયબ મામલતદારને આવેદનપત્ર પાઠવાયું

**મુખ્ય સમાચાર,ઉપલેટા**

ઉપલેટા તાલુકાના ભાયાવદર ગામે ભાયાવદર શહેરમાં ઘણા સમયથી રોડ અને રસ્તાઓ બિસ્માર હાલતમાં છે જેના કારણે ટ્રાફિક સમસ્યા. ખાડાઓમાં પાણી ભરાઈ રહેવા, વાહનોમાં એક્સિડેન્ટ થવાના કારણો વધુ જોવા મળે છે જેમકે સાગરચોક થી રેલ્વે સ્ટેશન, અરણી રોડથી ખાખીજાળિયા રોડ, હોળીધાર રોડ,ધોબીતળ રોડ વગેરેમાં લોકોને બિસ્માર રોડના કારણે તકલીફ આ સાથે ભાયાવદર ગામના રસ્તાઓમાં રખડતા બિનમાલિકી તથા માલિકીના ઢોરનો ત્રાસ હાલના સમયમાં વધુ પડતો જોવા મળી રહ્યો છે જેમકે ખૂટ અને ગાય રસ્તાઓમાં જ્યાં ને ત્યાં જગળતા હોય ખૂંટનો ત્રાસ વધુ છે વાહનો તથા રોડ પર ચાલતા નાગરિકોને અળફેટે લ્યે છે જેના કારણે લોકોને ઈજા થવી મોતનો ભય રહે છે. ભાયાવદરમાં થોડાક સમય પહેલા વધુ વરસાદના કારણે હાલના તા.૨૪-૦૮-૨૦૨૪ થી ૨૯-૦૮-૨૦૨૪ સુધીમાં સતત ભારે વરસાદના કારણે જમીન ધોવાણથી ખેડૂતોએ વાવેતર કરેલા ઊભા પાકીનું મોટાપાયે નુકશાન થયેલ છે. પાક બળી ગયેલો છે તેમજ ખેતરોમાં સતત પાણી ભરાવવાના કારણોથી ખેતરોનું પણ ધોવાણ થયેલ છે અને ખેડૂતોએ કરેલ તમામ ખર્ચ નિસફળ ગયેલ છે ખેડૂતોને પોતાના ખેતરોમાં જવા માટેના રસ્તાઓ અતિ ખરાબ ગંભીર હાલતમાં હોય ખેડૂતો પોતાના ખેતરોમાં કે વાડીઓમાં જઈ શકતા નથી. અને



જેમ કે ઉભો મોલ સુકાઈ જવો ભાયાવદર ના તમામ એરિયામાં ઉભા મોલને વ્યાપક નુકસાન થયેલ છે તાત્કાલિક ધોરણે સર્વે કરવામાં આવે અને ભાયાવદરના લોકોને થતી રસ્તાઓની સમસ્યા,ઢોરના ત્રાસની સમસ્યા. તાત્કાલિક ધોરણે સરકાર પ્રજાજનોના પ્રશ્નોનું નિવાકરણ લાવે તેવી નમ્ર વિનંતી

# ન્યારી-૧નો ૧ અને ડોંડી ડેમના ૨ દરવાજા 0.3 મીટર ખોલાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકા પાસે આવેલ ન્યારી-૧ જળાશયનો ૧ દરવાજો ૦.૩ મીટર અને ડોંડી જળાશયના ૨ દરવાજા ૦.૩ મીટર ખોલવામાં આવેલ છે. આથી ન્યારી-૧ના હેઠવાસમાં આવેલ ઈશ્વરીયા વોટર સપ્લાય, હરિપર પાળ, વડવાળી વાજડી, ખંભાળા, ન્યારા, પડધરી, રામપુર, રંગપુર, તરઘડી, ગઢીવાળી વજેલી, વેજાગામ, વેજાગામ-વાજડી, વાજડી-વિરડાવાળી તેમજ ડોંડી ડેમની હેઠવાસમાં આવેલા પડધરી તાલુકાના હિદડ, પાંભર ઈટાળા, નાના ઈટાળા, લક્ષ્મી ઈટાળા વગેરે ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા મામલતદારશ્રી ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની યાદીમાં જણાવાયું છે.

# ન્યારી-૨ ડેમના ૨ દરવાજા 0.3 મીટર ખોલાયા:ગામ લોકોને સાવચેત રહેવા સૂચના

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકા પાસે આવેલ ન્યારી-૨ જળાશય પૂર્ણ ભરાતા અગાઉ ૨ દરવાજા ૦.૧૫ ખોલાયા હતા, જેમાં પાણીની આવક વધતા હાલ ૨ દરવાજા ૦.૩ મીટર ખોલવામાં આવેલ છે. આથી ડેમની હેઠવાસમાં આવેલા પડધરી તાલુકાના ગોવિંદપર, ખામટા,તરઘડી,વણપરી, રામપર ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા મામલતદાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની યાદીમાં જણાવાયું છે. હજુ પણ વરસાદની આગાહી હોય, રાજ્ય સરકાર દ્વારા રાજકોટ સહિતના તમામ જિલ્લાઓના લોકોને સાવચેત રહેવા સુચના અપાઈ છે.

# રેલવે સેફ્ટી માં શ્રેષ્ઠ કામગીરી બદલ રાજકોટ ડિવિઝનના ૫ કર્મચારીઓને ડીઆરએમએ કર્યા સન્માનિત



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રેલ્વે સેફટી માં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ રાજકોટ ડીવીઝનના ૫ કર્મચારીઓનું આજે રાજકોટ ડીવીઝન રેલ્વે મેનેજર શ્રી અશ્વનીકુમાર દ્વારા ડીઆરએમ ઓફિસ રાજકોટના કોન્ફરન્સ રૂમમાં પ્રમાણપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ રાજકોટ ડિવિઝનના ટ્રાફિક અને એન્જિનિયરિંગ વિભાગના કર્મચારીઓને મે અને જુલાઈ, ૨૦૨૪માં રેલ્વે સેફ્ટી માં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ આપવામાં આવ્યો છે. એવોર્ડ મેળવનાર કર્મચારીઓમાં શ્રી કનક સિંઘ (પોઈન્ટ્સ મેન-મૂલી રોડ), શ્રી લલિત કિશોર (પોઈન્ટ્સ મેન-લીલાપુર રોડ), શ્રી દિનેશ આર યાદવ (ટ્રોલી મેન-રાજકોટ), શ્રી ધર્મેન્દ્ર સિંહ (ગેટમેન- ગેટ નં ૩૮) અને શ્રી મનદીપસિંહ ઝાલા (સ્ટેશન માસ્તર-અમરસર) નો સમાવેશ થાય છે. ઉપરોક્ત રેલ્વે કર્મચારીઓ દ્વારા ટ્રેકની નજીક ટ્રેનમાં ધુમાડો જોવો, એન્જીનમાં લટકતા ભાગોને જોવું, પોઈન્ટ યોગ્ય રીતે સેટ ન થયેલો જોવું, વ્હીલમાં સ્પાર્કીંગ નોટીસ કરી તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા હતા. આ રેલ્વે કર્મચારીઓની સતર્કતા અને તકેદારીએ સંભવિત રેલ્વે અકસ્માતોને રોકવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર શ્રી આર.સી. મીણા, સિનિયર ડિવિઝનલ ઓપરેશન મેનેજર શ્રી સુનિલકુમાર ગુપ્તા અને ડિવિઝનલ એન્જિનિયર (પૂર્વ) શ્રી નિખિલ શ્રીવાસ્તવ ઉપસ્થિત રહ્યા હતા.

## બોટાદમાં સ્થાનિક પોલીસને ઊંઘતી રાખી એસએમસીએ પાડ્યો દરોડો

# બોટાદના સમઢીયાળા ગામે વિદેશી દારૂની રૂા.૧૯૧૫૬ બોટલ સાથે બુટલેગર ઝડપાયો

### સ્ટેટ મોનિટરિંગ સેલ ની ટીમે બાતમીના આધારે રેડ પડી વાહન સહિત રૂપિયા ૩૪.૨૦ લાખનો મુદ્દા માલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગાંધીનગર ગુજરાતમાં માત્ર કાગળ પર જ દારૂબંધી હોય તેવું લાગી રહ્યું છે ગુજરાતના અનેક શહેરોમાં ખુલ્લેઆમ વેચાતા વિદેશી દારૂ ની બધી ને રોકવા સ્ટેટ મોનિટરિંગ સેલ ની ટીમ મેદાનમાં ઉતરી હોય તેમ બોટાદના સમઢીયાળા ગામે વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરને ઝડપી લઈ રૂપિયા ૩૪.૨૦ લાખનો મુદ્દા માલ કબજે કરતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. અંગેની માહિતી મુજબ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમના ડીવાયએસપી કેટી કામડીયા ની સૂચનાથી પીએસઆઈ એમએચસીનોર સહિતનો સ્ટાફ બોટાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ વાતની મળી હતી કે સમઢીયાળા ગામનો







વિજય ગોરધન શેખલીયા નામના બુટલે ઘરે પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો મસ્ત મોટો જથ્થો ઉતારી હોવાની હકીકતના આધારે પોલીસે દરોડો પડતા વિજય ગોરધન શેખલીયાના પ્રેરણાત મકાનમાંથી વિદેશી દારૂની ₹૧૯૧૫૬ બોટલ કિંમત રૂપિયા ૧૯.૧૫ લાખ તથા એક વાહન કિંમત રૂપિયા ૧૫ લાખ સહિત કુલ રૂપિયા ૩૪.૨૦ લાખનો મુદ્દામાલ કબજે કરી બુટલેગર વિજય શેખલીયા ની ધરપકડ કરવામાં આવી છે વિદેશી દારૂનો જથ્થો મહારાષ્ટ્રમાંથી આવ્યો હોવાની કબુલાત આપતા પોલીસે મહારાષ્ટ્રનો દારૂનો સપ્લાયર અને દારૂનો જથ્થો મગાવનાર કોડીનાર નો બુટલેગર સહિત ત્રણ શખ્સોની શોધખોળ શરૂ કરી છે

# શ્રાવણમાસ દરમિયાન જંકશનમાં આવેલ ગૌરેશ્વર મહાદેવને કરાયા અદભુત શણગાર





(તસ્વીરઃ આનંદ જાવિયા)

જંકશન કો.ઓપ. હાઉસિંગ સોસાયટી માં આવેલું ગૌરેશ્વર મહાદેવ મંદિર આ મંદિર ૫૫ થી ૫૬ વર્ષ પૌરાણિક છે અને આ મંદિર મા શ્રાવણ મહિના માં મહાદેવ ને અલગ અલગ સણગાર કરવા માં આવે છે ત્યારે શ્રાવણ મહિના ના પાંચમાં એટલે કે છેલ્લા સોમવારે ગૌરેશ્વર મહાદેવ ને બરફ ના શિવલિંગ સ્વરૂપ આપી આશરે ૪ ફુટ ના બરફ ના શિવલિંગ બનાવેલ છે ભક્તોએ બરફ ના શિવલિંગના મોટી સંખ્યા માં દર્શન કરી ધન્યતા અનુભવી હતી ગૌરેશ્વર મહાદેવ મંદિર માં તમામ ઉત્સવ ધામધૂમ પૂર્વક મનાવવા માં આવે છે અને ભક્તો દર્શનનો લાભ લ્યે છે.

# શાપર વેરાવળમાં યુવતીનું ઘરે પડી જતા શંકાસ્પદ મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શાપર વેરાવળાં રહેતી એક ૧૯ વર્ષિય સગીરાનું પોતાના ઘરે રાત્રે પડી જવાથી શંકાસ્પદ મોત થતાં આ મામલે પોલીસે મોતનું સાચુ કારણ જાણવા એફએસએલની મદદ લઈ મૃતદેહનું ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે. મૃતક સગીરાનો ભાઈ શાપર પોલીસમાં ચોરીના ગુનામાં શકમંદ હોય જેની પુછપરછ માટે તેને છેલ્લા બે દિવસથી પોલીસ બોલાવતી હોય ત્યારે આ યુવાનની બેનના મોત અંગે રહસ્ય સર્જાયું છે. મૃતક સગીરાના માતા- પિતાનું દસ વર્ષે પૂર્વે અવસાન થયા બાદ હાલ દાદી સાથે ભાઈ બહેન રહેતા હોય ત્યારે પૌત્રીના મોતથી દાદી પણ ભારે આઘાતમાં ગરકાવ થઈ ગયા હતાં. મળતી વિગતો મુજબ, શાપર વેરાવળ જુનાવાસમાં રહેતી મોનાલિસા હરસુખભાઈ સિંધવ



(ઉ.૧૯) નામની સગીરાને સારવાર માટે બેભાન હાલતમાં રાજકોટ ખસેડાયા બાદ તેનું મોત થયું હતું. મોનાલીશાને સારવાર માટે લાવનાર તેના મામાએ પોલીસમાં નોંધ વખતે જણાવ્યું કે શનિવારના રોજ ભંગારના ડેલામાં ચોરી કરવા ગયેલ તેના ભાઈને પોલીસે ચોરીના ગુનામાં છેલ્લા બે દિવસથી પુછપરછ માટે બોલાવ્યો હોય જેથી ગભરામણમાં આવી ગયેલી મોનાલિસા રાત્રે ઘરે પડી ગઈ હોય અને તેને ઈજા થતાં તેનું મોત થયું છે. આ મામલે શાપર વેરાવળ પોલીસ મથકના પીઆઈ ઠાકોરે જણાવ્યું કે મોતનું સાચુ કારણ જાણવા માટે અને ખરેખર શું બનાવ બન્યો ? તે અંગે સ્પષ્ટતા કરવા હાલ એફએસએલની મદદ લેવામાં આવી છે તેમજ મોતનું સાચુ કારણ જાણવા મૃતદેહનું ફોરેન્સી પોસ્ટ મોર્ટમ કરાવવામાં આવ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળતી માહિતી મુજબ, મોનીલાશાના માતા-પિતાનું દસ વર્ષ પૂર્વે ગેસનો બાટલો લીકેજ થતાં આગ લાગવાથી દાઝી જવાથી મોત થયું હતું. ત્યારબાદ ભાઈ બહેન બન્ને તેના દાદી જયાબેન સાથે રહેતાં હોય અને બન્ને ભંગાર વિણી પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે મોનાલીશાનું રહસ્યમય મોત થતાં આ મામલે પોલીસે જરૂરી કાર્યવાહી કરી તપાસ શરૂ કરી છે.

# રાજકોટ ગ્રામ્ય પોલીસના લિવ રિઝર્વમાં રહેલા ૧૧ પીઆઈ સહિત ૧૫ની બદલી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લાના નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડે રાજકોટ ગ્રામ્ય પોલીસના લિવ રિઝર્વમાં રહેલા ૧૧ પીઆઈ સહિત ૧૫ની બદલીનો આદેશ કર્યો છે.



આ આદેશમાં લિવ રિઝર્વમાં રહેલા બી. આર. પટેલને ઉપલેટા, આર. બી. રાણાને શાપર, ડો.એમ.એમ. ઠાકોરને જેતપુર ઉદ્યોગનગર, સી.ડી. વૈશ્યકને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ, જે.પી. રાવને ગોંડલ તાલુકા, યુ.આર. ડામોરને લોધિકા, આર. બી. વાઘીયાને પાટણવાવ, ડી.બી. મજીઠીયાને ભાયાવાદર, એસ.એચ. શર્માને મેટોડા, એમ.જી. ચૌહાણને સીપીઆઈ ગોંડલ અને મહિલા પીઆઈ એસ.એન. પરમારને પડધરી મુકાયા છે. આ સિવાય ગોંડલ સિટી બી. ડિવિઝનના પીઆઈ જે.પી. ગોસાઈ પાસે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટનો વધારાનો હવાલો હતો. જેમાંથી તેમને મુક્ત કરાયા છે. આ ઉપરાંત ધોરાજી સીપીઆઈ એ.એમ. હેરમાને જેતપુર તાલુકામાં મુકાયા છે. સાથે તેમને ધોરાજી તાલુકાનો વધારાનો ચાર્જ પણ સંભાળવાનો રહેશે. ઉપલેટાના એમ. આર. ગોહિલને ધોરાજી તાલુકા પોલીસ, સીપીઆઈ ગોંડલ એસ.જી. રાઠોડને વીરપુર મુકાયા છે. મહિલા વિરોધી ગુના શોધક યુનિટના વધારાના હવાલા સાથે મહિલા પીઆઈ આર.એમ. રાઠોડને કોટડા સાંગાણી ખાતે મુકાયા છે.

# ભાજપ બક્ષીપંચ મોરચો સામાજીક સંકલન સેલના પ્રદેશ કન્વીનર હેમરાજભાઈ પાડલીયાનો જન્મદિવસ સેવા કાર્યો થકી ઉજવાશે

## ઋષિવંશી સમાજ સેવા સંઘના સ્થાપક પ્રમુખ પણ રહી ચૂક્યા છે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સ્થાપક પ્રમુખ ઋષિવંશી સમાજ સેવા સંઘ ગુજરાતના શ્રી હેમરાજભાઈ પાડલીયા બક્ષીપંચ સમાજની ૧૪૫ જ્ઞાતિમાં તેમજ સામાજીક ક્ષેત્રમાં આગવુ સ્થાન ધરાવે છે. સમાજના સારા-નરસા પ્રસંગમા ખંભે ખંભો મીલાવીને સમાજની પડખે ઉભા રહે છે.કોરોના કાળની વિપરીત પરિસ્થિતિમાં રાસન,માસ્ક,ઉકાળા તેમજ હોમિયોપેથીક દવાઓનું વિતરણ કરવામાં આવેલ.આ દરમ્યાન



ગુજરાતનાં અનેક શહેરમાં ઋષિવંશી સમાજની એમ્બ્યુલન્સ દરેક સમાજ માટે તેમજ તુલસીના રોપા કુંડા સાથે વિતરણ કરવામાં આવ્યા હતાં.આ તમામ સેવાકાર્યો માનનીય શ્રીહેમરાજભાઈ પાડલીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યા છે. ઉપરાંત અનેક વાડાઓ-જૂથમાં વહેંચાયેલ ઓ.બી.સી.સમાજને એક તાંતણે બાંધીને સમાજના યુવાનોને સાચુ માર્ગદર્શન આપવામા નિમિત બનેલા છે.આવા શ્રી હેમરાજભાઈ પાડલીયાનો જન્મદિવસ ઉજવવા ગાંધીનગર ખાતે ગત વર્ષ તા.૦૩/૦૯/૨૦૨૨ના રોજ સ્વયંભુ ૧૭,૦૦૦ લોકો ઉપસ્થિત રહી વર્લ્ડ રેકોર્ડ બનાવેલ.તેમજ સામાજીક, રાજકીય ક્ષેત્રે સેવાકાર્યો થકી હેમરાજભાઈ પાડલીયા આગવું સ્થાન ધરાવે છે.આવું વિરલ વ્યક્તિત્વ ધરાવનાર સમાજના ભામાશા, એવા શ્રી હેમરાજભાઈ પાડલીયાને ફરી એકવાર જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ. ઋષિવંશી સમાજ સેવા સંઘ-ગુજરાત મીડિયા ઈન્ચાર્જ સુનિલભાઈ પાડલીયા (મોં. ૯૮૨૪૨૯૧૬૯૪)ની યાદી માં જણાવે છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કોઠારીયા રોડ પર સંતોષ ઘુઘરાવાળાની દુકાને બે જુથ વચ્ચે ધીંગાણા

## ઘૂઘરામાં ચટણી નાખવા મુદ્દે યુવાન ઉપર જીવલેણ હુમલોઃ સંતાનોના ડખ્ખામાં વચ્ચે પડેલા જમીન-મકાનના ધંધાર્થીનો પગ ભાંગી નાંખ્યોઃ નવ શખ્સો સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આવેલી આંખની હોસ્પિટલ પાસે સંતોષ ઘુઘરાવાળાની કે બીને ઘુઘરામાં ચટણી નાખવા મામલે બે પક્ષ વચ્ચે ધોકા, પાઈપ અને છરી વડે સામ સામે હુમલો થતા ચારથી પાંચ વ્યક્તિ ઘવાયા હતા અને એક યુવાનની હત્યાનો પ્રયાસ કરાયો હતો. આ મામલે બન્ને પક્ષે નવ શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. તેમજ આરોપીઓની ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે.

વધુ વિગતો મુજબ, ભગવતીપરા શેરી નં.૧૦ રાધેકિષ્ના મંદિર પાછળ રહેતા અબ્દુલકાદિરભાઈ કાશમભાઈ સીદાદ (ઉ.વ.૨૮)એ (ઉ.વ.૨૮)એ પોતાની ફરિયાદમાં કોઠારીયા રોડ વિવેકાનંદ નગરમાં રહેતા અલ્પેશ ઠાકર અને તેમના બન્ને સંતાનો ઉદય અને દેવ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આ મામલે ફરિયાદી અબ્દુલકાદિરએ ફરિયાદમાં જણાવ્યુ હતુ કે, પોતે ભારમલ પેઢીમાં ફોરલ ચલાવી ડ્રાઈવિંગ કામ કરે છે. ગઈકાલે સાંજના સમયે તેમના મિત્ર યુસુફભાઈ ગોગદા બન્ને જસદણથી જંગલેશ્વર તેમના મિત્ર નવાઝની દોસ્તીપાન નામની દુકાને હતા ત્યારે તેમના મિત્ર નિદાલ બ્લોચને કોઈનો ફોન આવ્યો હતો અને તેમને કોઠારીયા રોડ પર સંતોષ ઘુઘરા નામની લારી પર આવવા જણાવ્યું હતુ જેથી



ત્રણેય મિત્રો ઘટના સ્થળ પહોંચ્યા હતા. ત્યાં નદીમનો મિત્ર અરમાન પણ હાજર હતો અને ત્યાં ઘુઘરાવાળાને પુછતા તેમણે ચટણી ભાબતે નદીમ અને ત્યાં ઘુઘરા ખાવા આવેલા ઉદય અને દેવ સાથે માથાકુટ થઈ હતી. આ બનાવમાં ઉદય અને દેવે છરી વડે હુમલો કરી યુસુફને આડેધડ ઘા ઝીંકી દીધા હતા. તેમજ અબ્દુલભાઈને કાન પાસે છરીનો ઘા ઝીંકતા તેઓ પણ લોહીલુહાણ થઈ ગયા હતા. ત્યાર બાદ ઘવાયેલાને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.જ્યારે સામાપક્ષે ફરિયાદી અલ્પેશભાઈ કિશોરભાઈ ઠાકરે કરિયાદમાં જણાવ્યુ હતુ કે, પોતે જમીન-મકાનનું ધંધો કરે છે અને ફરિયાદમાં તેઓએ બાલ સહિતછ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. અલ્પેશભાઈએ ફરિયાદમાં વધુ વિગતો આપતા જણાવ્યુ હતુ કે, ગઈકાલે તેમના બન્ને પુત્રો ઉદય અને દેવ સુધરા ખાવા કોઠારીયા રોડ પર ગયા હતા. ત્યારે ત્યાં ઘુઘરામાં ચટણી નાખવા મામલે બાલા નામના શખ્સ અને તેમની સાથે આવેલા અન્ય શખ્સો સાથે ગાળાગાળી થઈ હતી. ત્યાર બાદ આ માથાકુટમાં પોતે વચ્ચે પડતા તેમની પર પ્લાસ્ટિકનું કેરેટ અને પાઈપ વડે હુમલો કર્યો હતો. જેથી અલ્પેશભાઈને ફેક્ચર જેવી ગંભીર ઈજા થતા તેઓને સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યાં છે. આ મામલે ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ સરવૈયા અને ડી સ્ટાફ પી.એસ.આઈ. સામુદ્રે અને ટીમે વધુ તપાસ શરૂ કરી છે.

# શહેરમાં પ્રતિબંધીત સીગરેટ વેચતો વેપારી પોલીસની ઝપટે ચડયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં પાનના ગલ્લાઓ પર પ્રતિબંધીત ઈ-સિગારેટ (વેપો)નો વેપલો કરતા દુકાનદારો પર એસઓજીએ ઘોસ બોલાવી છે.જેમાં કાલાવડ રોડ શકિતનગર મેઈન રોડ પર આવેલા બાવન જીનાલય પાસે રોડ પરથી એક શખ્સને દબોચી લીધો હતો.તેની પાસેથી રૂા.૧ લાખની ઈ-સિગારેટના ૪૩ બોકસ મળી આવતા તેની સામે ગુનો દાખલ કરી ધરપકડ કરી છે.




માહિતી મુજબ એસઓજીની ટીમે નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત ડ્રાઈવ યોજી હતી. એ દરમિયાન બાતમી આધારે શક્તિનગર મેઈન રોડ પર વોચ રાખી મીત ચંદ્રવદન પુજારા (ઉ.વ.૩૪, રહે. કાલાવડ રોડ ખેતલાઆપા ટી સ્ટોલ પાસે ક્રિષ્ના એપાર્ટમેન્ટ એ-૫૦૨)ને પકડી લીધો હતો.

તેની પાસેના થેલાની તલાસી લેતાં અંદરથી રૂ. ૨૫૦૦ના એક એવા ૪૩ ઈ-સિગારેટના બોકસ રૂા.૧,૦૭,૫૦૦ના મળી આવતાં યુનિવર્સિટી પોલીસમાં ગુનો દાખલ કરી આગળની તપાસ એએસઆઈ એચ.પી.રવૈયાને સોંપી છે.

# માયાનગરી મુંબઈમાં રાજકોટના પરિવારના ત્રણ સભ્યોની હત્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુંબઈના પાલઘર જિલ્લામાં ય મુળ રાજકોટના એક જ પરિવારના માતા-પિતા અને પુત્રીની ભેદી હત્યા થતા ગુજરાતી સમાજમાં ભારે ખળભળાટ મચી જવા પામેલ છે. મળતી માહિતી મુજબ પાલઘરના વાડા તાલુકાના નેહરોલી ગામે રહેતા મુળ ! રાજકોટના રાઠોડ પરિવારના ત્રણ સભ્યોની અજાણ્યા શખ્સોએ કુરતા પૂર્વક હત્યા કરી નાખ્યાનું બહાર આવેલ છે. આ ત્રિપલ મર્ડરમાં ભાડુઆત ઉપર શંકા સેવાઈ રહી છે. ઘરમાંથી વૃધ્ધ માતા-પિતા અને તેની ત્યક્તા પુત્રીની કોહવાયેલી લાશો મળી આવી હતી. તેમાં માતા-પુત્રીની લાશો એક પતરાની પેટીમાંથી તથા પિતાની લાશ ઘરના પેસેજમાંથી મળી આવી હતી.



સ્થાનિક પોલીસના કહેવા મુજબ આ પરિવાર ગત તા.૧૭ ઓગસ્ટથી ઘર બહાર જોવા મળ્યો ન હતો તેથી ત્યારે તેની હત્યા કરાઈ હોવાની શંકા છે. જો કે, હત્યારાઓ અંગે હજુ સસ્પેન્સ પ્રવર્તી રહ્યો છે. મૃતક દંપતિના પુત્રોને બોલાવી પોલીસ કડીઓ મેળવવા તપાસ કરી રહી છે. મુંબઈ નજીકના પાલઘર જિલ્લાના વાડા તાલુકાના નેહરોલી ગામમાંથી શુક્રવારે મુકુંદ રાઠોડ, તેમનાં પત્ની કંચન રાઠોડ અને પુત્રી સંગીતા રાઠોડના કોહવાઈ ગયેલા મૃતદેહ તેમના બંધ ઘરમાંથી મળી આવ્યા હતા. રાજકોટથી પચીસેક વર્ષ પહેલાં વાડા આવીને વસનારા મુકુંદ રાઠોડ નિવૃત્ત હતા, તેમનો પંકજ નામનો પુત્ર વિરારમાં તો સુહાસ નામનો પુત્ર રાજકોટમાં રહે છે. પિતા, મમ્મી અને બહેનનો સંપર્ક નહોતો થતો એટલે સુહાસ તેના વિરારમાં રહેતા ભાઈને લઈને વાડાના નેહરોલી ગામમાં આવેલા ઘરે પહોંચ્યો હતો. ઘર બહારથી બંધ હતું અને તેમણે ખોલ્યા બાદ ઘરમાંથી ત્રણેયના કોહવાઈ ગયેલા મૃતદેહ મળી આવ્યા હતા. ઘરના ઉપરના ભાગમાં આવેલા માળિયામાં એક ઉત્તર ભારતીય પરિવારને ભાડા પર રાખવામાં આવ્યો હતો. જોકે આ પરિવાર થોડા મહિના પહેલાં જતો રહ્યો હતો. આમ છતાં આ કેસની તપાસ કરી રહેલી વાડા પોલીસને ભાડૂત પર શંકા છે. વાડા પોલીસ-સ્ટેશનના ઈન્ચાર્જ દત્તાત્રય કિન્દ્રએ કહ્યું હતું કે નજીવ ગુમાવનારા મુકુંદ રાઠોડ નિવૃત્ત હતા એટલે તેમની કોઈ આવક નહોતી. આપી પુત્રો તેમને અમુક સમય બાદ રૂપિયા આપી જતા હતા. આ મહિનાના બીજા અઠવાડિયે વિશરમાં રહેતો પુત્ર પંકજ રૂપિયા આપીને ગયો હતો. ૧૭ ઑગસ્ટથી આ પરિવાર ઘરની બહાર જોવા નહોતો મળ્યો, આસપાસના લોકોની પૂછપરછમાં જણાયું છે ફેંકે એક પરિવારને રહેવા માટે માળિયું ભાડે આપ્યું હતું. આ પરિવાર થોડા સમય પહેલાં અહીંથી જતો રહ્યો હતો. ટ્રિપલ મર્ડરમાં શંકાની સોય અત્યારે આ ભાડૂત પર છે. જોકે અમે બીજા ઍન્ગલથી પણ તપાસ કરી રહ્યા છીએ. સંગીતા રાઠોડની માનસિક સ્થિતિ સારી નહોતી અને તે પંદર વર્ષથી છૂટાછેડા લઈને માતા-પિતા સાથે રહેતી હતી. મા-દીકરીના મૃતદેહ પતરાની પેટીમાંથી તો મુકુંદ રાઠોડનો મૃતદેહ ઘરની અંદરના પેસેજમાંથી મળ્યો હતો. ત્રણેયના મૃત્યુનો પોસ્ટમોર્ટમનો રિપોર્ટ આવ્યા બાદ જ તેમનાં મૃત્યુનું કારણ જાણી શકાશે.

# પંચાયતનગરમાં નવ લાખની થયેલી ચોરીનો ભેદ ઉકેલાયોઃ રાજસ્થાનથી ટોળકી ઝડપાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પંચાયતનગરમાં થયેલી ૯ લાખની ચોરીનો ભેદ રાજકોટ પોલીસે ઉકેલી નાખ્યો છે. રાજકોટથી ચોરી કરીને રાજસ્થાન ભાગી છુટેલી ટોળકીને ક્રાઈમ બ્રાંચ, એલસીબી ઝોન-૨ અને યુનિવર્સિટી પોલીસે અલગ અલગ સ્થળેથી ઝડપી લઈ તમામ મુદ્દામાલ કબજે કર્યો હતો. ચોરીમાં સંડોવાયેલ આ ત્રિપુટી રાજકોટથી ચોરી કરીને રાજસ્થાન તરફ ભાગી હોવાની ચોક્કસ બાતમીને આધારે રાજકોટ પોલીસે આ ઓપરેશન પાર પાડ્યું હતું. મળતી વિગતો મુજબ શહેરના યુનિવર્સિટી રોડ પર પંચાયતનગરમાં ચોરીનો બનાવ બન્યો હતો અને નવ લાખ રૂપિયાની ચોરીની ફરિયાદ યુનિવર્સિટી પોલીસ મથકમાં નોંધાઈ હતી. પંચાયતનગર શેરી નં.૨માં રહેતા કમલેશભાઈ ખોડીદાસભાઈ મહેતા (ઉ.૬૬)ના મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતાં. કમલેશભાઈ પોતાના પત્ની સાથે ગત તા.૧૦-૮નાં રોજ વલસાડના ધરમપુર તેમના ગુરુના આશ્રમે ગયા હતાં ત્યારે પાછળથી બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી અને





મકાનમાંથી સોનાની હિરાજડીત બંગળી, ચેઈન, પેન્ડલ સહિત મકાનના ઓરીજનલ દસ્તાવેજ તેમજ ૧૧૦૦ અમેરિકન ડોલર અને બે પાસપોર્ટ સહિત રૂા.૯.૦૬ લાખની મત્તા ચોરી ગયા હતાં. આ બનાવની જાણ થતાં ક્રાઈમ બ્રાંચ, યુનિવર્સિટી પોલીસ અને એલસીબી ઝોન-૨ની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. પોલીસે સીસીટીવી કેમેરા તપાસ્યા હોય જેમાં ત્રણ શકમંદો કેદ થયા હતાં. ત્રિપુટીનું પગેરૂ રાજસ્થાન તરફ હોવાનું ખુલ્યું હતું પોલીસ કમિશ્નર રાજેશકુમાર ઝા તથા ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ અને ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાની સુચનાના આધારે રાજકોટ પોલીસની ત્રણ ટીમો રાજસ્થાન જવા રવાના થઈ પહતી અને રાજસ્થાનના સિરોહિ માંથી રાજકોટના અરવિંદ અને તેના બે સાગ્રીતોને ઝડપી લઈ આ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો. રાજસ્થાનથી રાજકોટ પોલીસ આ ત્રિપુટીને લઈ પરત આવવા રવાના થઈ છે. ચોરી કરનાર અરવિંદ રાજકોટનો છે જેમાં મકાન નં.૬૪માંથી મંદિરના ડોવરમાંથી રૂા.૪ હજાર જ્યારે મકાન નં.૬૯માં રહેતા અને વિમાના દવાખાનામાં તબીબ તરીકે નોકરી કરતાં ડોકટર અજય રમેશભાઈ મઢવીના ઘરમાંથી સોનાનો શેટ, દોઢ ગ્રામની વિંટી સહિતની ચીજવસ્તુઓ ચોરી કરી ગયા હતાં. તેમજ મકાન નં. ૬૬માં રૂપાબેન ખાંટના મકાનમાંથી પાંચ હજારની પાવર બેંક અને રોકડ સહિતની મત્તા ચોરી ગયા હતાં.

ઉપરાંત સંજયભાઈ પ્રતાપભાઈ જાદવના મકાનમાંથી ૭ હજાર રોકડા ચોરી કરી ગયા હતાં. એક સાથે પાંચ બંગલામાં ચોરી કરનાર આ ચડ્ડી બનિયાધારી ટોળકી સીસીટીવીમાં કેદ થઈ હતી. આ ટોળકીનું પગેરૂ મેળવવા માટે રાજકોટ શહેરભરની પોલીસ કામે લાગી હતી.

# મહિલા કોલેજ અંડર બ્રિજ પાસે સાધુએ ધમાલ મચાવી કારમાં તોડફોડ કરી

- **રોંગ સાઈડમાં કાર ચલાવતા માથાકૂટ : મામલો પોલીસ મથકે પહોંચ્યો**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કાલાવડ રોડના મહિલા કોલેજ અન્ડર બ્રિજ પાસે રોંગ સાઈડમાં સાધુએ કાર ચલાવી સામે આવતી સ્ટેટ ક્ર્જ્ઞ કમિશ્નર(અપીલ)ની ગાડીને ટક્કર માર્યા બાદ ઉલ્ટાચોર કોટવાલ કો ડાટે જેવી થઈ હતી. સાધુ પોતાની લકઝરી કાર રોડ વચ્ચોવચ ઉભી રાખી જીએસટી કમિશનરની ગાડીમાં પોતાની પાસે રહેલ લાકડી વડે તોડફોડ કરી ધમાલ મચાવતા લોકોના ટોળા ઉમટયા હતા. આ






મામલે પોલીસને જાણ કરતાં પીસીઆર દોડી જઈ સાધુ સહિતના ચારની અટકાયત કરી એ ડિવિઝન પોલીસને સોપ્યા હતા.વાગુદળ આશ્રમના મહંત તોડફોડ કરી રોડ પર ધમાલ મચાવી હોવાનો વિડિયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો હતો.અને ઘટનાના પગલે લોકોના ટોળા ઉમટયા હતા. ડ્રાઈવરે તાત્કાલિક પોલીસને જાણ કરતાં પીસીઆર દોડી જઈ ધમાલ મચાવનાર સાધુ સહિતનાની અટકાયત કરી એ ડિવિઝન પોલીસને સોપ્યા હતા.

આ અંગે એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ આર.જી.બારોટે સાધુ સહિતના ચાર શખસો સામે ડ્રાઈવરની ફરિયાદ પરથી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હરીપર પાળ ગામે સમાધાન કરવા ભેગા થયેલા બે જુથ વચ્ચે ધીંગાણું

## મામલો પોલીસ મંથકે પહોચતા મેટાડા પોલીસે આઠ શખ્સો સામે ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ તાલુકાના હરિપર પાળ ગામે શનિવારે થયેલી માથાકૂટમાં મેટોડા પોલીસે આંઠ શખ્સો સામે ગૂનો નોંધી કાર્યવાહી કરી હતી.

હરિપર પાળમાં રહેતા કાથળભાઈ સામતભાઈ વીરડા ઉ.૭૨એ જયદેવ ભીખુભાઈ ડાંગર, સુભાષ પ્રભાતભાઈ ડાંગર, રણજીત અને ઘનશ્યામ ઉર્ફે ઘણો ડાંગર સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૩૧ તારીખે બપોરે ઘરે હતા ત્યારે ચારેય ઘર પાસે સ્કોર્પિયો લાવી જોરથી હોર્ન વગાડતા હોય બહાર આવીને જોતા પ્રકાશ ક્યાં છે તે કેમ સુભાષ સાથે માથાકૂટ કરે છે અપશબ્દો બોલી ધોકાથી હુમલો કર્યો હતો દેકારો થતા પરિવારજનોએ બહાર આવી સમજાવતા મારામારી કરી મારા દીકરા પ્રકાશને હવે માથાકૂટ કરશો તો જીવતા નહિ જવા દઈએ ધમકી આપી હતી જયારે સામા પક્ષે જયદેવભાઈ ભીખાભાઈ ડાંગરએ પ્રકાશ કાથળભાઈ વીરડા, કાથળ વીરડા, પ્રભાત ઉર્ફે મુન્ના વીરડા અને કાળુભાઈ સામતભાઈ વીરડા સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ૩૧ તારીખે સવારે સુભાષ એમટીવી તરફ જતો હતો ત્યારે પ્રકાશ, મયુર સાથે વાહન ચલાવવા બાબતે બોલાચાલી થઈ હતી બાદમાં સમાધાન થઈ ગયું હતું બપોરે અમે જમવા જતા હતા ત્યારે ઉપરોક્ત લોકોએ ગાડી ઉભી રખાવી કેમ માથાકૂટ કરો છો કહી ગાડીના કાચમાં ધોકા ફટકાર્યા હતા મારકૂટ કરતા મને અને મારા કાકાના દીકરાને ઈજા થઈ હતી પીઆઈ કુલદીપસિહ ગોહિલે કાર્યવાહી કરી હતી.

# ભાડવાની મહિલા સહિત ત્રણ વ્યક્તિના હદય ધબકારા ચૂકી ગયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ પંથકમાં વધુ બે વ્યક્તિના હાર્ટ એટેકથી મોત નિપજ્યા છે. જેમાં કોટડા સાંગાણીના ભાડવામાં પ્રોઢા અને રાજકોટમાં આધેડનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ કોટડા સાંગાણીના ભાડવામાં રહેતા ક્મળાબેન પ્રવીણભાઈ વઘેરા નામના ૫૩ વર્ષના પ્રોઢા સવારના નવેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે બેભાન હાલતમાં ઢળી પડ્યા હતા. પ્રોઢાને તાત્કાલિક સારવાર માટે રાજપરા બાદ નારણકા તબીબે પ્રોઢાનું હૃદયરોગના હુમલાથી મ મ ત નીપજ્યું હોવાનું જાહરે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ કરતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછમાં ક્મળાબેન વઘેરાને સંતાન નથી અને પતિનું બે વર્ષ પહેલાં



જ અવસાન થયું હોવાનું જાણવા મળ્યું છે બીજા બનાવમાં રાજકોટમાં ભગવતીપરા વિસ્તારમાં રહેતા ગોવિંદભાઈ મોમૈયાભાઈ હતા પામી બોરીયા નામના ૫૨ વર્ષના આધેડ પોતાના ઘરે હતા. ત્યારે તેમને હૃદયરોગનો હુમલો આવતા બેભાન મહાલતમાં ઢળી પડયા હતા. આધેડને તાત્કાલિક સારવાર માટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા . જ્યાં આધેડની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક ગોવિંદભાઈ બોરીચા ત્રણ ભાઈ બે બહેનમાં વચ્ચેટ હતા અને તેમને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે.આ ઉપરાંત ત્રીજા બનાવમાં રેલનગર વિસ્તારમાં આવેલી છત્રપતિ શિવાજી ટાઉનશિપમાં રહેતા નીતિનભાઈ નટુભાઈ પરમાર નામના ૫૦ વર્ષના આધેડ બપોરના એકાદ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા.

ત્યારે બેભાન હાલતમાં ઢળી પડયા હતા. આધેડને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી આધેડનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું જાહેર કરતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં નીતિનભાઈ પરમાર બે ભાઈમાં ૨ ભાઈમાં મોટા હતા અને તેમને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મનપાના ટાઉન પ્લાનરની પુત્રી સાથે નોકરી આપવા બાબતે ઠગાઈ

- **વિપ્રો કંપનીનો જોબ લેટર અપાયો, તપાસ કરતા બોગસ હોવાનો ભાંડો ફૂટયો**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભટાર વિસ્તારમાં ક્રિમશન પેલેસમાં રહેતી રીવા સંતકુમાર પંડયાએ હાલ ફિઝિયોથેરાપી કોલેજમાં પ્રવેશ મેળવ્યો છે. પિતા સંતકુમાર રાજકોટ મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનર છે. માતા અલ્પાબેન સ્કેટ કોલેજમાં પ્રોફેસર છે, ત્યારે તેણીએ કોલેજમાં અભ્યાસની સાથે પાર્ટટાઈમ જોબ કરવા માટે સોશિયલ મીડિયામાં પોતાનું રિઝ્યૂમ ગત તા. ૨૪ જૂન, ૨૦૨૪ના રોજ અપડેટ કર્યુ હતું. બીજા દિવસે સવારે રીવાના મોબાઈલ ફોન ઉપર કોલ કરીને તમને સારી કંપનીમાં જોબ મળી જશે, જોબ રજિસ્ટ્રેશન ફી રૂ. ૫૦૦ ભરવી




પડશે, એમ કહ્યું હતું. એ પછી ફરીવાર કોલ કરીને તમારે લેપટોપ, મોબાઈલ ફોન, વાઈફાઈ ફોન્ગલ સહિત સરસામાન તમને મોકલી આપવામાં આવશે, તેમજ કુરિયર ચાર્જિસ, ફાઈલ ચાર્જ, ઈન્સ્યોરન્સ પેટેના ચાર્જની માંગણી કરીને ક્રમશ કુલ રૂ. ૬૨,૦૦૦ની રક્મ પડાવી લેવામાં આવી હતી. એ પછી કોલ કરનાર વધુ નાણાં માંગણી કરતાં રીવાને પોતાની સાથે ફ્રોડ થઈ રહ્યો હોવાની શંકા ગઈ હતી. વધુ તપાસ કરતાં વિપ્રો કંપનીનો જોબ લેટર બોગસ હોવાનું બહાર આવ્યું હતું. ખટોદરા પોલીસ મથકમાં રીવા પંડયાએ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ઈમેલ આઈ. ડી. અને મોબાઈલ ફોન નંબરના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં વ્યાજખોર ભાજપના કાર્યકરની પઠાણી ઉઘરાણીથી કંટાળી યુવાનનો આપઘાતનો પ્રયાસ

## બીમાર પત્નીની સારવાર માટે ૨૫ ટકાના વ્યાજે લીધેલા ૨૦ હજારની સામે ૯૦ હજારની માંગણી કરતા પગલું ભર્યું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં કાલાવડ રોડ પર વામ્બે આવાસમાં રહેતા દંપતીને રૂ.૨૦ હજાર ૨૫ ટકા વ્યાજે ધીરી માથાભારે વ્યાજખોરે પેનલ્ટી સહિત રૂ.૯૦ હજારની પઠાણી ઉઘરાણી કરી હતી અને યુવકને તેની જ્ઞાતિ અંગે હડધૂત કરી યુવક અને તેની પત્નીને ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપી હતી. કાલાવડ રોડ પરના વામ્બે આવાસ યોજના ક્વાર્ટર્સમાં રહેતા સોનુભાઈ ચંદુભાઈ વાળા (ઉ.વ.૨૪)એ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પાડોશમાં જ રહેતા વિજયપરી ભીખુપરી ગોસ્વામીનું નામ આપ્યું હતું. સોનુભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતુ કે, પોતે તથા તેના પત્ની કારખાનામાં સફાઈ કામદાર તરીકે કામ કરે છે. પત્ની દિપાલીબેન છ મહિના પહેલા બીમાર થયા હતા ત્યારે તેમને ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. નાણાંની જરૂરિયાત ઊભી થતાં તે સમયે વિજયપરી ગોસ્વામી પાસેથી રૂ. ૨૦ હજાર વ્યાજે લીધા હતા. વિજયપરી ૨૫ ટકા વ્યાજ વસૂલતો હતો અને દર મહિને રૂ.૫ હજારનો હપ્તો ભરવો પડતો હતો. બે મહિનાથીસોનુભાઈ વ્યાજ નહીં ચૂકવી શકતા વ્યાજખોર વિજયપરી બેફામ બન્યો હતો અને ૧૦ સપ્ટેમ્બર સુધીમાં પેનલ્ટી સહિત રૂ.૯૦ હજાર ચૂકવી દેવા દબાણ શરૂ કર્યું હતું અને ગાળો ભાંડતો હતો. છે.

વ્યાજખોર ઘરે જઈને દંપતીને જ્ઞાતિ અંગે હડધૂત કરતો અને ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપતો હતો. વ્યાજખોરના ત્રાસથી કંટાળી સોનુભાઈ જૂનાગઢ તેના પિતાને ઘરે જતો રહ્યો હતો તો વિજયપરી ત્યાં



ગયો હતો અને ત્યાં પણ ગાળો ભાંડી હતી.

તે સમયે દિપાલીબેન રાજકોટ ઘરે એકલા હતા તો વિજયપરી તેની પાસે ગયો હતો અને નાણાંની પઠાણી ઉઘરાણી કરી ચેકબુક પડાવી લીધી હતી. વ્યાજખોરના ત્રાસથી કંટાળી શનિવારે ભીખુભાઈએ આવાસના પાર્કિંગમાં ફિનાઈલ પી લેતા તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પોલીસે વ્યાજખોર વિજયપરી સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. ઉલ્લેખનીય છે કે વિજયપરી બાવાજી ભાજપનો કાર્યકર છે અને આવાસમાં પોતે પ્રમુખ હોવાનો પણ આક્ષેપ કર્યો છે. તેમજ ત્યાં આવાસમાં આવતા ફેરિયાઓ પાસેથી પણ નાણાં ઉઘરાવતો હોવાનો વિસ્તારવાસીઓએ આક્ષેપ કર્યો

# કાલાવડના લલોઈ ગામે ૧૦ વર્ષના પુત્રને ઝેર પાઈ માતાએ કર્યો આપઘાત

- **પતિ સાથે જમવા બાબતે ઝઘડો થયા પછી દસ વર્ષના પુત્રને લઈને માતાએ વાડી વિસ્તારમાં જઈ બન્નેએ ઝેર પી લેતાં મૃત્યુ નીપજ્યા**

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના લલોઈ ગામમાં ભારે કરુણા જનક કિસ્સો બન્યો છે, અને એક મહિલાએ પોતાના પતિ સાથે જમવા બાબતે ઝઘડો થતાં દુસ વર્ષના પુત્રને પછી વાડી વિસ્તારમાં માતા પુત્રએ ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી લેતાં ભારેચાર જાગી છે. સમગ્ર મામલે કાલાવડ ગ્રામ્ય પોલીસ તપાસ ચલાવે છે. કાલાવડ તાલુકાના લલોઈ ગામમાં રહેતી અને ખેતી કામ કરતી હર્ષિદાબેન મેરૂભાઈ સાડમિયા અને તેનો ૧૦ વર્ષનો પુત્ર મયુર મેરૂભાઈ કે જે બંનેએ ગઈકાલે બપોરે ૪.૦૦ વાગ્યાના અરસામાં વાડી વિસ્તારમાં ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં બંને બેશુદ્ધ અવસ્થામાં મળી આવ્યા હતા. તેઓને કાલાવડની સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે બન્નેના મૃત્યુ નીપજ્યા હોવાનું જાહેર કર્યું હતુ આ બનાવ માંમલે પોલીસને જાણ કરાતાં કાલાવડના પોલીસ કોન્સ્ટેબલ એન. કે. છૈયા ઘટના સ્થળે તેમજ કાલાવડ ની સરકારી હોસ્પિટલે દોડી ગયા હતા, અને બંને મૃતદેહોનો કબજો સંભાળ્યા પછી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ કરાવાયા હતા. પોલીસની પ્રાથમિક પૂછ પરછ દરમિયાન ગઈકાલે બપોરે ૧૧.૩૦ વાગ્યાના અરસામાં હર્ષિદાબેનને જમવા બાબતે તેના પતિ મેરૂભાઈ સાથે ઝઘડો થયો હતો. તેથી મનમાં લાગી આવતાં તેણી પોતાના પુત્ર સાથે ઘર છોડીને ચાલી ગઈ હતી. ત્યારબાદ વાડી વિસ્તારના રસ્તે ઝેરી દવા પીધેલી હાલતમાં માતા પુત્ર મળી આવ્યા હતા. અને બંનેના મૃત્યુ નીપજ્યા હોવાથી પરિવારમાં ભારે શોકની લાગણી છવાઈ છે.